
# બાળકોના રંગમાળા



**ભાગ-૧૪**

લેખક
પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય







# બાળકોના રંગદાદા

## ભાગ-૧૪


**પ્રકાશક : શ્રીપ્રેમજયંતી સમિતિ,** અમદાવાદ.
મોઃ ૯૮૨૪૫૦૪૨૦૬

**ગ્રાફિક્સ : શ્રી અપર્ણા રાજેન્દ્ર ઉપાધ્યાય**
**"રાહ-રંગપ્રેમની"**
મોઃ ૯૬૮૭૬૬૧૧૧૪

**મુદ્રક : અજય ઑફસેટ**
બારડોલપુરા, અમદાવાદ.

**આવૃત્તિ : પાંચમી**
ગુરુપૂર્ણિમા
**અષાઢ સુદ ૧૫, સં. ૨૦૭૯**
**તા. ૩-૭-૨૦૨૩**

**પ્રત : ૨૫૦**

**મૂલ્ય : રૂા. ૩૫/-**

# આશીર્વચન

દરેક ભાષામાં બાળસાહિત્યનું મહત્ત્વ સ્વીકારાયું છે. પહેલાના સમયમાં દાદા-દાદીના ખોળામાં માથું મૂકીને સૂતેલા બાળકને દાદા-દાદી દ્વારા વાર્તા સાંભળવાની મળતી. હું પાંચ વર્ષની ઉંમરનો હતો ત્યારે મારા માતુશ્રીના ખોળામાં સૂતા સૂતા તેમના મુખેથી ભકત ધ્રુવની વાર્તા સાંભળતો. એના ફળ સ્વરૂપે 'બાળકોના રંગદાદા'નું બાળ સાહિત્ય પ્રાપ્ત થયું છે એવું મને લાગે છે. હવે આવા ભાગ્યશાળી પરિવારોની સંખ્યા ઓછી જોવા મળે છે. નાની ઉંમરના બાળકોને પૂ. બાપજીની વાતો કહીને એમનામાં પૂ.શ્રીની ભક્તિના અમી ઘૂંટડા પાવાનું કામ પરિવારમાં સભાનપણે થવું જોઈએ. પૂ.શ્રીની ભક્તિનો વિસ્તાર વધે અને એ ભક્તિનો વારસો પરિવારમાં જળવાઈ રહે એ આશયથી 'બાળકોના રંગદાદા' પુસ્તક શ્રેણીનું આયોજન થયું છે. એ શ્રેણીમાં તેર પુસ્તકો તો પ્રકાશિત થઈ પણ ગયા છે.

બાળકોને વાંચવાનું ગમે અને છતાં જાણતાં-અજાણતાં એના મનમાં સંસ્કારો દૃઢ થતા જાય એ રીતે તૈયાર થતું લખાણ પ્રશંસનીય છે, અનુકરણીય છે.

'બાળકોના રંગદાદા' ભાગ-૧૪ને હું આવકારું છું અને પ.પૂ. સદ્‌ગુરુ શ્રી રંગ અવધૂત મહારાજને પ્રાર્થના કરું છું કે આવું બાળ સાહિત્ય શ્રી કુલીનભાઈ વધુ ને વધુ પરિવારના બાળકોને પીરસતા રહે.

આપણે બાળકોને સાચવીશું તો બાળકો આપણને સાચવશે. બાળપણ એ ભગવાનની ભેટ છે. આ કીમતી ભેટનું આપણે જતન કરીએ અને આવા વધુ પુસ્તકોનું નિર્માણ કરીએ.

લિ.

અમેરિકા, ॐ

તા.૭-૦૯-૨૦૦૭ પ્રેમ

# આવકાર

ભગવાન દત્તાત્રેયે ચોવીસ ગુરુઓ પૈકી 'બાળક'ને પણ ગુરુ બનાવ્યો છે. નાનું બાળક ભોળું હોય છે, નિર્દોષ હોય છે. એની સંસ્કાર સ્વીકારવાની વૃત્તિ તીવ્ર હોય છે. બાળક ઉપદેશથી શીખતું નથી, આચાર જોઇને શીખે છે. એટલે નાની વયે એને જેટલું સારું શીખવા મળે એટલું સારું. શ્લોકોના અર્થ ભલે ન સમજે પણ શ્લોકો સાંભળે અને મોંઢે કરે તો એ રોપેલા બીજ યુવાનીમાં પાંગરશે ત્યારે એ સમજતો થઇ ગયો હશે.

આપણા ગુરુમહારાજે એટલે જ કહ્યું છે કે બાલ્યાવસ્થા એ પ્રભુની મોટામાં મોટી બક્ષિસ છે અને જીવનનો પાયો નાંખવાનો ઉત્તમ સમય છે. વરસાદ આવતા પહેલા જેમ ખેડૂત જમીનને સાફ કરીને અને ખેડીને બી વાવે છે તેમ બાળક કિશોર બને તે પહેલાં વડીલો એને સારી સારી વાતો કરે તથા સારું વાંચન પૂ રું પાડે એ જરૂરી છે.

'બાળકોના રંગદાદા' પુસ્તકની શ્રેણી એ આ દિશામાં ભરાયેલું સ્તુત્ય પગલું છે. પ્રા. કુલીનભાઇ ઉપાધ્યાયે માવજતપૂર્વક પ્રસંગોનું વર્ણન કર્યું છે અને નાના તેમજ મોટાને પણ જાણવા મળે એવી વાતો રજૂ કરી છે.

આજ સુધીમાં તેર ભાગો પ્રકાશિત થઇ ગયા છે અને આજે આ ચૌદમો ભાગ પ્રકાશિત થઇ રહ્યો છે ત્યારે પ્રા. કુલીનભાઇને આ પુસ્તક શ્રેણી રજૂ કરવા માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

જોગાનુજોગ આ ચૌદમો ભાગ પરમ આદરણીય મારા પરમ મિત્ર પૂ. પ્રેમ અવધૂતજીના જન્મ દિવસે જ પ્રકાશિત થાય છે અને એનો આવકાર લખવાનું સદ્ભાગ્ય મને સાંપડ્યું છે.

પ.પૂ. રંગ અવધૂત ગુરુમહારાજના તથા પૂ. પ્રેમ અવધૂતજીના અજસ્ર આશીર્વાદ સ્નેહીશ્રી કુલીનભાઈ પર ઉતરો અને આવું વિવિધ સાહિત્યનું સર્જન કરતા રહે એવી શુભેચ્છા સાથે વિરમું છું.

**કાન્તિભાઈ ચી. દવે**

ઈસનપુર,
અમદાવાદ
(૦૭૯)૨૫૩૯૯૭૪૧.

# લેખકનું નિવેદન

જ્યારે બાળકોનું મન કોરી સ્લેટ જેવું હોય ત્યારે જ આપણે એના ઉપર સંસ્કારી વાતોનું રેખાંકન કરી દઈએ તો સારું. 'કુમળા છોડને વાળીએ તેમ વળે' એ ન્યાયે નાના બાળકોને પૂ.શ્રી વિશેની વાતો જાણવા મળે તો સારું એવા વિચારમાંથી આ પુસ્તિકાનું પ્રકાશન થઈ રહ્યું છે.

મારા પુત્ર હર્ષલની નિર્જરીને આ સંસ્કારોથી મઢવાની વૃત્તિથી વાતો કરતાં કરતાં આવી પુસ્તિકાની શ્રેણી રચવાની ઈચ્છા જાગી. એમાં 'બાળકોના મોટા' એવી પુસ્તિકા હાથમાં આવી. શ્રી મુકુલ કલાર્થીની આ પુસ્તિકાની વાત શ્રી સુભાષભાઈ દવેને કરી તો એમણે મને પ્રોત્સાહિત કર્યો કે રંગ પરિવારના મુકુલભાઈ તમે બનો. એમનો વિશ્વાસ ગુરુ મહારાજની કૃપાથી સાચો ઠર્યો છે એટલે એ વિશ્વાસ જગાવનારના ઋણ સ્વીકારરૂપે એમનું સ્મરણ કરું અને આભાર માનું એ ઉચિત જ છે.

આવકાર લખી આપવા બદલ કાન્તિકાકાનો આભારી છું. પ્રૂફ તપાસી આપવા બદલ તથા ધર્મપત્ની સૌ. અંજનીનો હું આભારી છું.

પૂ. પ્રેમ અવધૂતજીનો આભાર માની હું અંગતપણાનો ભાવ ક્ષીણ થવા નહિ દઉં. એ પ્રેરકબળ પણ છે અને ચાલક બળ પણ છે. પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજના ચરણોમાં અનેકાનેક વંદન અને પૂ. પ્રેમ અવધૂતજીને સાદર વંદન હો!

અમદાવાદ<br>
તા. ૪-૦૯-૨૦૦૭.<br>
(૦૭૯- ૨૭૪૮૦૦૮૮)

લિ.<br>
**કુલીન ઉપાધ્યાય**

# (૧)

## શ્યામના ડરને ભગાડ્યો

આપણું મન એ બંધનનું તેમજ મોક્ષનું કારણ છે.
મજબૂત મનવાળો જીતે અને નબળા મનવાળો હારે.
મન નબળું હોય એને ડર લાગે.
મન જ બધું કર્તા-હર્તા છે.
મનકી હારે હાર હૈ મનકી જીતે જીત,
મન મીલાવે રામકો મનહિ કરે ફજીત.
આ મનને મજબૂત કરવા માટે જ સાધના છે, પ્રભુનું નામસ્મરણ છે.
એકવાર શ્રદ્ધા પ્રગટે કે ભગવાન મારી સાથે છે તો પછી ડર ન લાગે.
પણ એ શ્રદ્ધા અડગ હોવી જોઈએ.
શ્રદ્ધા અને વિશ્વાસથી મન મજબૂત બને છે.
વરણામા નામનું ગામ.
એમાં એક રંગભક્ત રહે.
આ ભક્તનું નામ નરહરિભાઈ પાઠક.
પૂ.શ્રીને સાક્ષાત્ દત્તનો અવતાર માને.
રંગ ભરોસે જીવનનૈયા ચલાવે.

**અહંકાર એ ક્રોધનો પિતા છે.**

આ નરહરિભાઈનો એક ભાણો.
એ ભાણાનું નામ શ્યામ.
આ શ્યામ નાનો હતો ત્યારે એના મનમાં ડર પેસી ગયેલો.
ડર તો એવો કે એક રૂમમાંથી બીજા રૂમમાં જતા પણ ડરે, બીક લાગે.
જો ઘરમાં બધા હોય તો પણ આવી બીક લાગે તો પછી એકલો તો રહે જ શાનો?
બધા સમજાવે પણ શ્યામાનો ડર જાય નહિ.
એકવાર નરહરિભાઈ નારેશ્વર ગયા.
સાથે એમનો ભાણો પણ હતો.
પૂ.શ્રી. પાસે બેઠા.
નરહરિભાઈએ પૂ.શ્રી.ને કહ્યું: "બાપજી! આ શ્યામ ખૂબ ડરે છે, ખૂબ બીએ છે."
આ સાંભળતાં જ પૂ.શ્રી.એ જગજીવન માસ્તરને કહ્યું: "માસ્તર! આ શ્યામને ગુફામાં લઈ જાવ."
માસ્તરકાકા તો શ્યામને લઈને ગુફામાં ગયા.
ગુફામાં પ્રવેશતાં જ પ્રવેશ દ્વારે વ્યાઘ્ર ચર્મ (વાઘનું ચામડું) હતું.
એ જોઈને શ્યામ પાછો બહાર આવ્યો.

ઈર્ષા એ ક્રોધની માતા છે.

શ્યામ બહાર આવ્યો એટલે બાપજીએ કહ્યું: "શ્યામ!
હવે તને બીક લાગે ત્યારે મને યાદ કરજે.
હું અહીંથી મારો વાઘ મોકલીશ.
વાઘને જોઇને તારી બીક ભાગી જશે. બસ!"
પૂ.શ્રી.એ એવી કૃપા કરી કે તે દિવસથી શ્યામની બીક ભાગી ગઇ.
શ્યામના મનમાંથી ડર નીકળી ગયો.
મહાપુરુષોની પ્રશ્નો ઉકેલવાની રીત નોખી ને નિરાળી હોય છે.

•

## (૨)

## ડૉ. શ્રીરામ ભોંસલેનું પાનનું બીડું

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર મસાજ નિષ્ણાત શ્રીરામ ભોંસલે પૂ.શ્રીના ભક્ત.
એક વાર પૂ.શ્રીના શરીરે લકવા પડ્યો.
પૂ.શ્રી તો દેહથી પર એટલે લકવાનું દુ:ખ નહિ.
જે કંઇ સહેવું પડે તે આનંદથી સહન કરે.
સેવામાં જગજીવન માસ્તર.

**ક્રોધ એ માનસિક નબળાઇનું બીજું નામ છે.**

લંગોટ પહેરવામાં પણ મદદરૂપ બનવું પડે.
આ ભોંસલે મુંબઈમાં રહે.
જમ્યા પછી કલકત્તી મીઠું પાન ખાય.
અમુક પાનના ગલ્લાનું જ પાન ખાય.
પાન વગર નહિ ચાલે.
આ ભોંસલે મસાજ કરવા માટે નારેશ્વર આવ્યા.
બે-ત્રણ દિવસમાં પરત થવાની ગણતરી રાખેલી.
એટલે એટલા દિવસના પાન સાથે લઈને આવેલા.
પાન પૂરા થયાં પણ જવાની રજા ના મળી.
પૂ.શ્રીએ રોક્યા.
ભોંસલે તો રોકાઈ ગયા.
પૂ.શ્રીની સેવાનો લાભ મળે એનાથી રૂડું બીજું શું?
પણ ચિંતા કેવળ જમ્યા પછીના પાનની.
બીજે દિવસે ઊઠ્યા.
નિત્યકર્મથી પરવારી પૂ.શ્રીને માલીસ કર્યું.
સમય થયો એટલે જમવા ગયા.
જમીને પોતાની રૂમ પર જતા હતા ત્યારે પાન યાદ આવ્યું.
હવે શું કરશું?
પાન વગર કેમ ચાલશે?

**અશાંતિ એ ક્રોધનું સંતાન છે.**

પાન વગર શું થશે?
એવું વિચારતા વિચારતા પોતાની રૂમ પર આવ્યા.
રૂમનું તાળું ખોલ્યું પણ રૂમમાં જાય એ પહેલા એમની નજર પડી બારણાના ટોડલા ઉપર.
ટોડલા ઉપર નાનું પડીકું જોયું.
પડીકું લીધું અને રૂમમાં ગયા.
પડીકું ખોલ્યું તો જોતા જ રહી ગયા.
એ ખાતા હતા તેવું જ પાન.
પાન મોઢામાં મૂકી વિચારવા લાગ્યા: આ પાન કોણ લાવ્યું હશે? જે હશે તે. આપણા પ્રશ્નનો નિકાલ તો થઇ ગયો.
પછી તો રોજનો ક્રમ થઇ ગયો.
જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ તાજું પાન પડીકામાં આવેલું જ હોય.
એ મુંબઇના ગલ્લાનું જ પાન.
નારેશ્વર સેવાકાર્ય પૂરું કરીને મુંબઇ ગયા.
મુંબઇ પહોંચીને પાન ખાવા ગયા પાનના ગલ્લે.
પાનના ગલ્લાવાળા સાથે વાત કરી તો એણે કહ્યું: "એક ઉંમરલાયક વ્યક્તિ રોજ તમારું નામ કહીને પાન લઇ જતા હતા."

ક્રોધ હૈયાની હોળી છે, પ્રેમ દિલની દિવાળી છે.

ભોંસલેજીને સમજાઇ ગયું.

પોતાની સેવા કરનારની અવધૂતજી સેવા કરતા હતા તે જાણીને આનંદ પણ થયો અને દુ:ખ પણ થયું.

આ ડૉક્ટર ભોંસલેએ રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુને પણ મસાજ કર્યું હતું.

•

## (૩)

## શિષ્ય પરમ મંગલમ્ ।

શ્રી દત્તાત્રેય શ્રીપાદ સપ્રે એમનું નામ.

વડોદરામાં રહે.

બધા એમને સપ્રે ગુરુજીના નામે ઓળખે.

સપ્રે ગુરુજીના ગુરુ ગુલવણી મહારાજ. પરંતુ પૂ.શ્રી. સાથે પણ સંબંધ બંધાયો અને એમને પણ ગુરુ માને.

એમને મન ગુલવણી મહારાજ અને અવધૂત બાપજી બંને સરખા જ. એ બેમાં કોઈ ફેર નહિ.

અધૂરામાં પૂ રું તે ચાર વર્ષની ઉંમરથી સ્વામી મહારાજ પ્રત્યે પરમ આદરનો ભાવ.

ક્રોધ કરનાર ખુદ બળે છે અને બીજાને બાળે છે.

આમ સપ્રે ગુરુજી માટે ગુરુ પણ ત્રણ- દત્તાત્રેયરૂપ.
એક વાર સ્વપ્નમાં સપ્રે ગુરુજીને કોઈ સંન્યાસીએ મંત્ર આપ્યો.
એ વાત એમણે એમના દીક્ષાગુરુ ગુલવણી મહારાજને જણાવી.
એમણે એ મંત્રનું અર્ધું વિધાન લખી મોકલ્યું અને બાકીના વિધાન માટે ગરુડેશ્વર અથવા પૂજ્ય શ્રી રંગ અવધૂત મહારાજને પૂછવા જણાવ્યું.
સપ્રે ગુરુજી ગયા નારેશ્વર.
પૂ.શ્રીને વાત કરી.
બાકીનું અર્ધું વિધાન જણાવવા પ્રાર્થના કરી.
પૂ.શ્રીએ જણાવ્યું: જેમણે અર્ધું વિધાન લખી આપ્યું છે તે જ બાકીનું જણાવશે. એક પાસે રોટલી, બીજા પાસે શાક, એવું ચાલે નહિ.
બંને મહાપુરુષો એક જ જવાબ આપ્યા કરે.
દોઢ વર્ષનો સમયગાળો ગયો.
સપ્રે ગુરુજીને ચઢી રીસ.
એમણે તો સ્વામી મહારાજને જ ફરિયાદરૂપે પ્રાર્થના કરી: "મારે હવે કોઈ ગુરુની જરૂર લાગતી નથી અને હું આ મંત્રની ઉપાસના નહિ કરું."

બીજે દિવસે ગયા નારેશ્વર.

બધા ભક્તોની સાથે સપ્રે ગુરુજી બેઠા એટલે પૂ.શ્રીએ કહ્યું: "હવે અવધૂતની ફરિયાદો તેમના ગુરુમહારાજ પાસે થાય છે."

એટલે કોક ભક્તે પૂછ્યું: "બાપજી! કોણ છે એ?"

ત્યારે મરક મરક હસતા બાપજી બોલ્યા: "કોઈ રાક્ષસ હશે. જવા દો ને."

સપ્રે ગુરુજી રાજી થઈ ગયા.

એમને ખાતરી થઈ કે આજે એમનું કામ થઈ જશે.

બધા ગયાં એટલે પૂ.બાપજીએ બાકીનું અર્ધું વિધાન લખાવ્યું.

એ અડધું લખાવતા પહેલા શરૂઆતનું અડધું પણ બોલ્યા.

પૂર્ણ વિધાન આપ્યા પછી બાપજી બોલ્યા: "તપ વિના કંઈ મળતું નથી. તે વખતે જો પૂર્ણ વિધાન કહ્યું હોત તો તેમાંથી તમે સુવર્ણસિદ્ધિ તરફ ગયા હોત. માટે વિલંબ કર્યો છે."

પોતાના શિષ્યનું શામાં કલ્યાણ છે એની ચિંતા ગુરુ સિવાય બીજું કોણ કરે?

**ક્રોધ જીવતાને મારે છે, પ્રેમ મરેલાને જીવાડે છે.**

અને સાચી ગુરુકૃપા એ જ છે કે જેમાં શિષ્યનું પરમ મંગલ થતું હોય.

ગુરુકૃપાહિ કેવલમ્
શિષ્યપરમમંગલમ્ ।

●

## (૪)

## રંગના રંગે રંગાયા

શ્રી શિવુભાઇ મણિલાલા દવે એમનું નામ.

મૂળ વતન ડભોઇ.

પછી વડોદરામાં સ્થિર થયા અને જિંદગીના છેલ્લા વર્ષોમાં અમેરિકા જઇને પણ રહ્યા.

સને ૧૯૪૭નું વર્ષ.

બી.એ.ની પરીક્ષા આપીને મે-વેકેશન ડભોઇમાં માણતા હતા.

પડોશમાં દલસુખભાઇ પંડ્યા રહે.

એમના પુત્ર શાંતિલાલ સાથે મિત્રતા.

આ પડોશના ઘરે મળસ્કે દત્તબાવની થાય અને બાપજીના અન્ય સ્તોત્રો ગવાય.

**ક્રોધનો સત્કાર થાય એટલે યુદ્ધનો પડકાર ફેંકાય.**

શિવુભાઈનું મન ખેંચાયું.
પૂ.શ્રી વિશે વાતો સાંભળી અને પ્રભાવિત થયાં.
ઓગસ્ટ માસમાં પૂ.શ્રી ડભોઈ પધાર્યા.
મુકામ હતો સ્ટેશન પાસેના જીનવાળાના બંગલે.
મિત્ર શાંતિભાઈ સાથે દર્શને ગયા.
દર્શને ગયા તો ખરા પણ ભાવ દર્શન કરવાનો નહિ.
સાધુ સંતો પ્રત્યે મનમાં બહુ માનની લાગણી નહિ.
સાચું પૂછો તો ઘૃણા ભરેલું મન.
બધા દર્શનાર્થીઓની સાથે લાઇનમાં ઊભા રહ્યા.
લાઈન ધીમે ધીમે આગળ વધતી હતી.
ત્યાં પૂ.શ્રીની છબીનું વેચાણ થતું હતું.
જુદી જુદી અનેક છબીઓ પર નજર પડી.
બાપજીની વેધક દૃષ્ટિનું આકર્ષણ થયું.
એક છબી ખરીદી અને ઉપરના ખિસ્સામાં રાખી.
ધીમે ધીમે બધા દર્શન કર્યે જતા હતા.
કોઈ પૂ.શ્રીને ફોટો આપે તો પૂ.શ્રી અભિમંત્રિત કરીને પાછો આપતા હતા.
શિવુભાઈને પણ પૂ.શ્રીનો ફોટો અભિમંત્રિત કરાવવાનો ભાવ જાગ્યો.
શિવુભાઈની ભાવના સાત્ત્વિક થતી જતી હતી.

ક્રોધ માણસનાં મનમાં ક્ષોભ નિર્માણ કરે છે.

ધૃણાના સ્થાને હવે શ્રદ્ધા જાગી હતી.
એમ કરતાં કરતાં એમનો વારો આવ્યો.
પૂ.શ્રીને પગે લાગતા પહેલા પૂ.શ્રીનો ફોટો લેવા ખિસ્સામાં હાથ નાંખ્યો.
સ્વયંસેવક બોલી ઊઠ્યો: "પૈસા મૂકવાની મનાઈ છે. પૈસા ના મૂકશો."
શિવુભાઈ કાંઈ બોલે એ પહેલા જ પૂ.શ્રી બોલી ઊઠ્યા: "એ ભાઈ તો ફોટો કાઢે છે."
અને ખરેખર શિવુભાઈએ ફોટો કાઢ્યો અને પૂ.શ્રીએ ભાવપૂર્વક અભિમંત્રિત કરી આપ્યો.
યોગીરાજ અવધૂત બાપજીએ પ્રથમ દર્શને જ એમના અંતર્યામીત્વની શિવુભાઈને ખાતરી કરાવી આપી અને શિવુભાઈને પોતાના કરી લીધા.
આ શિવુભાઈ પછી સંસ્કૃતભાષાના અતિ વિદ્વાન રંગભકત બન્યા અને દત્તપુરાણ તથા દ્વિસાહસ્રી ગુરુચરિત્રના ગુજરાતીમાં સરસ અનુવાદ કર્યા.
શિવુભાઈ રંગના રંગે રંગાઈ ગયા.

•

# (૫)

## વાલિયો બન્યો વાલ્મિકી

નારદના ઉપદેશથી વાલિયો લૂટારૂ વાલ્મિકી ઋષિ બની ગયો.

વ્યક્તિને વળાંક આપનારો મળવો જોઈએ.

વિનાશમાર્ગે વપરાતી શક્તિનો વિકાસ માર્ગે ઉપયોગ કરાવનારો જોઈએ.

પાણીમાં વીજળી તો છે જ પણ એને માટે પાણીને ઉપર લઈ જઈને ત્યાંથી ફેંકનાર જોઈએને?

નવસારી જિલ્લાનું એક નાનું ગામ.

ગામનું નામ ગણદેવી.

પૂ.શ્રીનો ગણદેવીમાં મુકામ હતો.

બાબુભાઈ ભટ્ટ નામના એક ધર્મપ્રેમી બ્રાહ્મણ પૂ.શ્રીને ગણદેવીમાં લાવ્યા હતા.

ગામથી થોડે દૂર પૂ.શ્રીનો મુકામ હતો.

પૂ.શ્રી સમય અને શિસ્તના આગ્રહી.

કાર્યક્રમો વ્યવસ્થિત થાય.

ભક્તો દર્શને આવે અને પૂ.શ્રી નિયમાનુસાર સમયસર આરામ કરવા જાય.

ગુસ્સો એ ગાંડપણની નિશાની છે.

એ ગામમાં એક અનાવિલ બ્રાહ્મણ રહે.
એમનું નામ દોલતભાઈ દેસાઈ.
ખેતીવાડીનો વ્યવસાય.
ખેતીવાડીમાં ખૂબ મહેનત કરે.
થાકીને લોથપોથ થાય.
ઘરે આવે એટલે પછી થાક ઉતારવા દારૂ પીએ.
સુરત તરફ તો દારૂ પીવાની નવાઈ નહિ.
અને આ તો અનાવિલ બ્રાહ્મણ.
દંભ નહિ. ડર નહિ. બિનધાસ્ત દારૂ પીએ.
પછી તો જીવનનાવ ખરાબે ચઢી ગઈ.
દોલતભાઈની ગણતરી માથાભારે માણસમાં થાય.
એક દિવસ મોડી રાત્રે દોલતભાઈ પૂ.શ્રી પાસે ગયા.
પૂ.શ્રી તો આરામમાં જતા રહ્યા હતા.
ઘણું મોડું થયું હતું.
સેવકોએ કહ્યું: “હવે દર્શન નહિ થાય. કાલે સવારે આવજો.”
પણ આ તો દોલતભાઈ. એમ માને ખરા કે?
મોટે મોટેથી બોલવા લાગ્યા.
પૂ.શ્રીએ સાંભળ્યું.

ક્રોધ એ કમજોરીનો પરિચય આપે છે.

પૂ.શ્રીએ સેવકને બોલાવીને કહ્યું: “એમને કહો કે બાપજી કહે છે કે કાલે સવારે ન્હાઈ-ધોઈને આવજો એટલે દર્શન થશે.”

સેવકે દોલતભાઈને બાપજીનો સંદેશો આપ્યો.

દોલતભાઈ કશું જ બોલ્યા વિના જતા રહ્યા અને બીજે દિવસે વહેલી સવારે ન્હાઈ-ધોઈને દર્શને આવી ગયા.

પૂ.શ્રીના દર્શન દરમ્યાન શું થયું તેની ખબર તો કોઈને ન પડી પણ દોલતભાઈ પૂ.શ્રીના ભકત બની ગયા.

એમનું ખરાબે ચઢેલું નાવ દરિયામાં વ્યવસ્થિત હંકારાવા લાગ્યું.

દોલતભાઈએ છેલ્લે છેલ્લે નારેશ્વરમાં શાંતિનિકુંજ સંભાળ્યું. ત્યાં સેવા આપી.

વાલિયામાંથી વાલ્મિકીની વાત સાંભળી હતી, પરંતુ દારૂડિયા દોલતભાઈને ભકત દોલતભાઈ તરીકે બધાએ જોયા.

પૂ.શ્રીએ એવું તે શું કર્યું?

●

ભય માનવીના જીવનરસને સૂકવી નાંખે છે.

(૬)

## આર્તત્રાણાય નઃ શસ્ત્રં
## (દુઃખીઓના રક્ષણાર્થે શસ્ત્ર અમારાં)

આપણા રંગદાદા અદ્ભુત પ્રકારના સંત હતા.
જેવી એમની દેવભક્તિ એવી જ એમની દેશભક્તિ.
સ્વમાનપૂર્વક જીવવા માટે તન અને મન બંને મજબૂત હોવા જોઈએ.
વ્યક્તિનું જીવન પણ એક સંગ્રામ જ છે.
એમાં પણ વ્યક્તિએ લડત આપવાની રહે છે.
પણ સાથે સાથે સમાજ અને દેશના સ્વમાન અને સંરક્ષણ માટે પણ જાનની બાજી ખેલવાની રહે છે.
ઈ.સ. ૧૯૬૬ની સાલ.
માર્ચ માસની સત્તાવીસમી તારીખ.
નારેશ્વરના તપોવનમાં એક જુદા જ પ્રકારના કેમ્પનું આયોજન થયું.
એ હતો "રાયફલ ટ્રેનિંગ કેમ્પ".
રાયફલની તાલીમ આપતા આ કેમ્પનું ઉદ્ઘાટન પૂ.શ્રીએ કર્યું અને તે પણ રાયફલનો પ્રથમ ઘોડો દબાવીને કર્યું હતું.

**કોઈ પણ પ્રકારની આસક્તિ માણસને ભયભીત બનાવી દે છે.**

હિંદુધર્મના દેવ-દેવીઓના હાથમાં શસ્ત્રો જોવા મળે છે. વિષ્ણુ ભગવાનનું સુદર્શન ચક્ર, ભગવાન રામનું ધનુષ-બાણ, માતાજીના હાથમાં તલવાર અને ભગવાન શંકરના હાથમાં ત્રિશૂલ છે.

રાષ્ટ્ર પર આક્રમણ થાય ત્યારે બધાને શસ્ત્ર ચલાવતા આવડવું જોઇએ અને જાનફેસાની કરવાની વૃત્તિ હોવી જોઇએ.

પૂ.શ્રીએ આશીર્વચનમાં કહ્યું: "હથિયાર વાપરવાનું શીખનારાઓમાં સંઘશક્તિ, શિસ્ત, નિર્બળની વહારે ચઢવાની વૃત્તિ- વગેરે વગેરે સદ્‌ગુણોનો ઉદય થાઓ. અને સૌ પોતપોતાના ગામનું એકમ સાચવવાનું શીખીને સરવાળે રાષ્ટ્ર-સંરક્ષણમાં પોતપોતાનો અલ્પ-સ્વલ્પ ફાળો નોંધાવવામાં પાછા ન પડો. એવી અંતરની શુભાશિષ છે."

પૂ.શ્રીએ મહત્ત્વનું સૂત્ર યાદ રાખવા જણાવ્યું.

એ સૂત્ર હતું: "આર્તત્રાણાય નઃ શસ્ત્રં" અમારા (નઃ) શસ્ત્રો દુઃખીઓના રક્ષણ માટે છે.

"પરિત્રાણાય સાધૂનાં"ની જવાબદારી તો ભગવાન કૃષ્ણે પણ ઉઠાવી જ છે ને!

વૈરાગ્ય અભયનું અનુપમ વરદાન આપે છે.

એક સંત શસ્ત્રના ટ્રેનિંગ કેમ્પનું ઉદ્‌ઘાટન કરે એ દેશભક્તિ જ કેવી અલૌકિક છે.
હે બાળકો! જે દેશ માટે જીવે છે તે જ સાચું જીવ્યો ગણાય.

●

## (૭)

## મનની વાત જાણનારા સંત

બીલીમોરા ગામ.
રેલવે સ્ટેશન તરીકે જાણીતું.
એમાં એક અનાવિલ બ્રાહ્મણ રહે.
નામ મગનભાઈ વશી.
નાનપણમાં ગરીબીનું દુ:ખ વેઠેલું.
લોકોના સગપણમાં સ્વાર્થનું તત્ત્વ જોઈ મન 'સામ્યવાદ' તરફ ઢળેલું પણ ભગવાનની કૃપાથી પછી આર્થિક સ્થિતિ ઘણી સારી થયેલી.
ટ્રેકટર ટ્રેડર્સના નામની એમની પેઢી ચાલે.
પૂ.શ્રીના સંપર્કમાં યોગાનુયોગ આવ્યા અને પછી ધીરે ધીરે પાકા રંગભકત બન્યા.

સંયમી માણસ એ સંસ્કૃતિનો શણગાર છે.

ઈ.સ. ૧૯૫૧નું વર્ષ.
સંવત ૨૦૦૭ની ગુરુપૂર્ણિમા.
અષાઢ મહિનાની પૂર્ણિમા.
ગુરુપૂર્ણિમાના ઉત્સવ પર નારેશ્વર જવાનું નક્કી કર્યું.
સાથે બીલીમોરાના સરદેસાઇ બ્રધર્સ પેઢીના કુટુંબીજનોને પણ સાથે લીધા.
નારેશ્વર પહોંચ્યા.
પૂ.શ્રી પ્રત્યે ભાવ ખરો પણ હજી સમર્પિત ભક્ત થયા ન હતા.
ગુરુપૂર્ણિમા ઉપર પાદુકાપૂજન થાય.
હજારો ભક્તો આવે.
ભક્તો માટે ગુરુપૂજનનો ઉત્સવ સૌથી મોટો કહેવાય.
પૂજન પૂ રું થયું અને બધા ભક્તો પૂ.શ્રીને પગે લાગવા ઉપડ્યા.
લાંબી લાઇન થઇ.
ભક્તો પૂ.શ્રીને પગે લાગે અને સેવક પ્રસાદ આપે.
સરદેસાઇ બ્રધર્સવાળાના કુટુંબીજનને પાસે બેસાડી પૂ.શ્રી વાત કરતા હતા.
તે દરમ્યાન ભક્તો પગે લાગે પણ પૂ.શ્રી તેમના તરફ જુએ નહિ.

પરોપકાર એ જ પુણ્ય, પરપીડન એ જ પાપ.

સરદેસાઈ બ્રધર્સવાળા સાથે વાતો ચાલુ રાખે.

આ જોઈને મગનભાઈને થયું: "નારેશ્વરમાં પણ પૈસાદારની જ બોલબાલા છે. ગરીબ ભક્તોની તો કંઈ પડી જ નથી. એમના ભાવનો તો કોઈ પ્રતિભાવ જ નથી."

આમ મગનભાઈને મનમાં ઘણું દુ:ખ થયું.

બીજે દિવસે બીલીમોરા જતા પહેલા પૂ.શ્રીને પગે લાગવા ગયા.

પૂ.શ્રીએ પૂછ્યું: "બસ! જવું છે મગનભાઈ! આનંદ આવ્યો?"

મગનભાઈએ કહ્યું: "હા બાપજી! ઘણો આનંદ આવ્યો."

બસ! જ્યાં મગનભાઈ બોલી રહ્યા ત્યાં જ પૂ.શ્રી બોલ્યા: "મગનભાઈ! તમે તો જૂઠું બોલો છો. તમને તો મનમાં દુ:ખ થયું છે. પણ અવધૂત જેની સામે જોતો નથી તેને કશું આપતો નથી એવું તમે કેમ માની લીધું? અને શ્રીફળની કિંમત કેટલી?"

મગનભાઈ તો દંગ થઈ ગયા.

કાપો તો લોહી ન નીકળે એવી સ્થિતિ થઈ.

**સ્નેહને અહોભાવથી માણો પણ માલિકીભાવથી તાણો નહિ.**

પોતાને થયેલા દુ:ખની વાત એમણે તો કોઇને પણ કરી જ ન હતી.

પૂ.શ્રી સામેની વ્યક્તિનું મન વાંચી શકે છે, એનો મનોવ્યાપાર જાણી શકે છે એની મગનભાઇને ખાતરી થઇ.

બસ! પછી તો મગનભાઇ પૂ.શ્રીના સમર્પિત (Dedicated) ભક્ત બની ગયા.

●

## (૮)

## ગુરુર્મે સર્વસ્વં
## (સર્વસ્વ મારું ગુરુદેવ મારા)

પૂ.રંગદાદાના સદ્ગુરુ પ.પૂ. સ્વામી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ.

એમના સ્થૂલ દેહના દર્શન તો એક જ વાર થયેલા અને તે પણ આઠ વર્ષની નાની ઉંમરે.

અને છતાં સદા સદ્ગુરુએ એમના જીવનની નૈયાનું સુકાનીપણું સંભાળ્યું છે.

સ્વતંત્રતા એ સ્નેહની પૂર્વશરત છે.

પોતાના સદ્‌ગુરુ માટે પૂ.શ્રીનો ભાવ ખૂબ ઊંચો.
નારેશ્વરથી ગરુડેશ્વર જાય તો ગરુડેશ્વરના મંદિરની ધજા દેખાય એટલે વાહનમાંથી ઉતરી પડે અને ચાલતા ગુરુસ્થાને જાય.
ગરુડેશ્વરમાં પોતાની જય ના બોલવા દે.
પોતાનું મહત્ત્વ પ્રગટ થતી કોઇ પ્રવૃત્તિ ન કરવા દે.
ગરુડેશ્વરમાં રહેવા માટેનું સ્થાન પણ ગુરુસ્થાન કરતાં નીચી જગ્યા પર રાખે.
ગરુડેશ્વરમાં પોતાનું આસન નહિ કે અમુક વિસ્તારમાં પાદુકા પણ પહેરવાની નહિ.
પોતે શિષ્ય છે એટલે ગુરુની પૂરી આમન્યા રાખે.
એક વાર પૂ.શ્રીનું શરીર અસ્વસ્થ થયું.
પગે તકલીફ થઇ.
પગ લાંબો કરીને બેસવું પડે.
હવા ખાવાના સ્થળે મુકામ થયો.
મોટું મકાન.
પૂ.શ્રી પગ લાંબો કરીને બેસે.
આ રીતે બેસવાથી સારું લાગે.
સેવામાં સુમનભાઇ પુરોહિત- માસ્તર (ભજન ભાસ્કર).

મોભો જાળવીને મધુરુ મિલન શક્ય બનતું નથી.

એમને વિચાર આવ્યો કે પૂ.બાપજીના રૂમમાં સ્વામી મહારાજનો ફોટો મૂકીએ.

પૂ.શ્રીને આનંદ થશે.

એમણે તો સ્વામી મહારાજની છબી પધરાવી દીધી.

પૂ.શ્રીએ જોયું કે સામે ગુરુમહારાજ બીરાજે છે. તો મારાથી પગ લાંબા કેમ થાય?

એમણે પગ લાંબો કરવાનું બંધ કર્યું.

પગ લાંબો કરવો હોય તો બીજા રૂમમાં જઇને બેસે અને પગ લાંબો કરે.

સેવકને પોતાની ભૂલ સમજાઇ.

પૂ.શ્રીને તકલીફ ના પડે એટલે એમણે છબી બીજા રૂમમાં મૂકવા વિચાર્યું.

પૂ.શ્રીને વાત કરી તો બાપજી બોલ્યા: “સ્વામી મહારાજ છો બેઠા.”

સેવકને મન એ સ્વામી મહારાજની છબી હતી જ્યારે બાપજીને મન એ સાક્ષાત્ જીવંત ગુરુમહારાજ હતા.

એટલે ગુરુમહારાજને બીજે ખસેડવાનું ઉચિત ન ગણાય.

કોઇ વ્યક્તિ ગરુડેશ્વર થઇને નારેશ્વર જાય અને ગરુડેશ્વરનો પ્રસાદ આપે તો પૂ.શ્રી એ પ્રસાદ ઊભા

માણસ ત્યાગથી જ મહાન બને છે.

થઈ જઈને લેતા.
પોતાના ગુરુમહારાજ પ્રત્યેનો આદરભાવ એટલો ઊંચો કે ગરુડેશ્વર સ્થાન વિશે કે તેના કાર્યકર વિશે પોતે તો ઘસાતું ન બોલે પણ કોઈને બોલવા પણ ના દે.
મારો ગુરુમહારાજ મારું સર્વસ્વ છે.
હું જે કાંઈ છું તે એમની કૃપાનું ફળ છે એવો ભાવ હંમેશનો રહ્યો.
બાળકો! ગુરુને સાક્ષાત્ પરબ્રહ્મ માનીને એ પ્રમાણે જે જીવી ગયા તે જ સાચા અર્થમાં જીવી ગયા અને ગુરુસ્વરૂપ થઈ ગયા.

●

## (૯)

## સિદ્ધ છતાં સરળ સંત

પૂ.શ્રીના જીવનમાં વિષ્ણુસહસ્રનામ પૈકી 'અમાની માનદો માન્યઃ' એ વિશેષણ-નામ ચરિતાર્થ જોવા મળતું.
પૂ.શ્રી પોતે અમાની- માનની ઈચ્છા ન રાખે અને છતાં માનદઃ - બીજાને માન આપે.

ત્યાગથી જ માનવને શાંતિ મળે છે.

આવું જીવન જીવનારને 'વણમાગ્યે રંગ મળે પ્રભુતા'નો અનુભવ થાય.
એમને મોટાપણું સામે ચાલીને આવી મળે છે.
પૂ.શ્રી દત્તજયંતી ઉપર સિદ્ધપુર પધાર્યા.
સિદ્ધપુરમાં દત્તજયંતી નિમિત્તે મોટો ઉત્સવ.
સિદ્ધપુરમાં પવિત્ર સરસ્વતી નદી વહે.
એ નદીના એક તીરે સિદ્ધપુર ગામ.
સામે તીરે અરવડેશ્વર નામનું સ્થળ.
આ સ્થળે સિદ્ધપુરના જ એક બ્રાહ્મણ વર્ષો થયા તપશ્ચર્યા કરે.
એ સંતનું નામ દેવશંકર બાપા.
એમણે ઘર છોડ્યું.
નદી પાર કરી સામે કિનારે ગયા ત્યારે જ નિયમ લીધો કે હવે જીવનમાં ક્યારેય આ નદી ઓળંગી સામે કિનારે નહિ જાઉં, ગામમાં નહિ જાઉં.
પૂ.શ્રી સરસ્વતી નદીના એક કિનારે અને દેવશંકર બાપા સામે કિનારે.
દેવશંકર બાપાને પૂ.શ્રીના દર્શનની તીવ્ર ઇચ્છા.
પોતાનો નિયમ નડે પણ નિયમ તોડવાની પણ તૈયારી.
એમણે પૂ.શ્રીને સંદેશો મોકલ્યો: "સરસ્વતી પાર ન

**ત્યાગના પાયામાં પ્રેમ અપેક્ષિત છે.**

કરવાનો મારો નિયમ છે એટલે આવી શકતો નથી, પણ દર્શન તો કરવા જ છે. આપના દર્શન માટે હું મારો નિયમ તોડીને પણ આવીશ."

પૂ.શ્રીએ કહેવડાવ્યું: "નિયમ તોડશો નહિ.

હું આવીશ."

અરવડેશ્વરનો રસ્તો વિકટ હતો.

પૂ.શ્રીને તકલીફ પડે એમ હતું છતાં પોતે અરવડેશ્વર ગયા.

બંને સંતોનું મિલન દિવ્ય અને અદ્ભુત હતું.

પૂ.શ્રી સરળ હતા તો દેવશંકર બાપા તો અતિસરલ હતા.

પૂ.શ્રી પ્રત્યે એમના ભક્તિભાવ ખૂબ ઊંચા હતા.

પૂ.દેવશંકર બાપાએ પૂ.શ્રીને ઊંચે પાટ પર બેસાડ્યા અને પોતે નીચે બેઠા.

પૂ.શ્રીની આધ્યાત્મિક કક્ષા બાપા ઓળખતા હતા.

પૂ.શ્રી સિદ્ધ અને સમર્થ હોવા છતાં સામી વ્યક્તિના નિયમને જાળવ્યો.

સરળ થવું ખરેખર અઘરું છે.

જે સરળ હોય એનું જ સંતત્વ સાચું ગણાય.

•

**પ્રેમ વગર ત્યાગ સંભવતો નથી.**

# (૧૦)

## રાખી પવિત્ર વૃત્તિ, કરો પ્રવૃત્તિ

"તમે શું કરો છો એ મહત્ત્વનું નથી, તમે કઇ વૃત્તિથી કરો છો એ મહત્ત્વનું છે."

"It is not important what you do, it is more important with what intention you are doing."

ડૉકટર અને બદમાશ ગુંડો બંને છરી ચલાવે છે અને બંને દ્વારા વ્યક્તિનું મૃત્યુ થાય છે પરંતુ ગુંડાએ ખૂન કર્યું કહેવાય પણ ડૉક્ટરે ખૂન કર્યું એમ ના કહેવાય.

ડૉકટરનું ઓપરેશન નિષ્ફળ ગયું એમ કહેવાય.

ડૉકટરને ફાંસીની સજા ના થાય કારણ કે એની વૃત્તિ દર્દીને સારી જિંદગી બક્ષવાની હતી.

પૂ.શ્રી.એ પોતે ઘરબાર છોડ્યું પણ બીજાને ઘરબાર છોડતા રોકયા.

લગ્ન કર્યા હોય એવી વ્યક્તિને ગૃહસ્થાશ્રમ શોભાવવાની સલાહ આપી.

ઘર લઈને બેઠા છો તો હવે ઘરની જવાબદારી નિભાવો, સારી રીતે નિભાવો.

પ્રેમના પેટમાં ત્યાગ જન્મે.

પોતાની જવાબદારી નિભાવવી એ ફરજ છે.
પૂ.શ્રી.નો લીંચમાં મુકામ.
મુ.બચુભાઇના પિતા કર્મકાંડી બ્રાહ્મણ.
યજમાનવૃત્તિ કરે.
બચુભાઈ પણ કર્મકાંડ કરાવે.
એ પ્રવૃત્તિ ગમે નહિ પણ પિતાશ્રીનો વ્યવસાય સ્વીકારી લીધેલો.
વાતમાં ને વાતમાં બાપજીને પૂછ્યું: "બાપજી! આ યજમાનવૃત્તિ ગમતી નથી. એ છોડી દઉં?"
પૂજ્ય બાપજી એકદમ વ્યવહારુ.
વળી કોઇ પણ ધર્મકાર્ય પોતે તો ખરાબ હોતું જ નથી ને!
પૂ.શ્રી.એ સુંદર જવાબ આપ્યો.
આવો જવાબ બીજી કોઇ વ્યક્તિને તો કદાચ સૂઝે પણ નહિ.
પૂ.શ્રી. બોલ્યા: "વસિષ્ઠ મહારાજ પણ યજમાનવૃત્તિ નો'તા કરતા? એ પણ દશરથના પુરોહિત જ હતાને! વૃત્તિની પવિત્રતા જાળવો. સમય આવે છૂટી જશે."
પોતાનો કૌટુંબિક વ્યવસાય સહજપણે છૂટે તો એ સાચું. છોડવા માટે ધમપછાડા કરવા પડે તો એ ખોટું.

**ત્યાગની કૂખે અધિકાર અવતરે.**

ઘરમાં ઝઘડો પણ પેસી શકે.

દેવની બીક રાખીને ધર્મકાર્ય કરાવો, પવિત્ર વૃત્તિથી કરાવો અને લોભ રાખ્યા વિના કરાવો તો એ યજમાનવૃત્તિ પણ કલ્યાણ કરનારી છે.

જો સારા માણસો કર્મકાંડ કરાવવાનું છોડી દેશે તો પછી એ વ્યવસાય ગમે તેવાના હાથમાં આવી જશે.

પવિત્ર વૃત્તિ રાખીને કરેલી પ્રવૃત્તિ એ જ સાચું યજ્ઞકાર્ય છે.

પૂ.શ્રી.ના આશીર્વાદથી પછી બચુભાઈની યજમાનવૃત્તિ સહજપણે છૂટી ગઈ.

●

## (૧૧)

## મહત્તા વિદ્વત્તાની નહિ, ભાવનાની છે.

સમર્થ સિદ્ધ પુરુષ હોવા છતાં પૂ.શ્રી. એકદમ વ્યવહારુ હતા.

ધર્મમાં પૂરી શ્રદ્ધા રાખે, છતાં ચીલાચાલુ જડ પ્રથાને પ્રોત્સાહિત ના કરે.

પરિસ્થિતિને પામી જઈ એને અનુરૂપ નિર્ણય લે.

આમ ક્રાંતિકારી વિચારધારાના સંત.
એમના માતુશ્રીની તબિયત કથળતી જતી હતી.
પૂ.શ્રીને તો અણસાર આવી જ ગયા હતો.
એમણે લીંચના બચુભાઇ રાવલ (હાલના પૂ.પ્રેમ અવધૂતજી)ને પાંડવા-મોક્ષેશ્વર સ્થાન જોવા મોકલેલા.
પૂ.માજીનો દેહવિલય થયા પછીની ઉત્તરક્રિયા આ સ્થાનમાં કરવાનો વિચાર હતો.
પાંડવા-મોક્ષેશ્વર સ્થાન સિદ્ધપુરથી ૪૦ કિલોમીટર દૂર આવ્યું છે.
પાલનપુરથી ત્યાં જવાય.
પૂ.શ્રીએ બચુભાઇને કહ્યું: "તું જાતે જઇને સ્થળ જોઇ આવ. બધું નક્કી કરી પૂરેપૂરી તૈયારી કરી રાખ. વળી આ ક્રિયા પણ તારે જ કરાવવાની છે."
પૂ.શ્રીની વિચારધારા કેવી ક્રાંતિકારી છે!
હવે મુ.બચુભાઇનો કર્મકાંડનો અભ્યાસ ઓછો.
આવી શાસ્ત્રોક્ત વિધિ ઓછી ફાવે.
એમણે તો પૂ.શ્રીને સ્પષ્ટતા કરતાં કહ્યું: "બાપજી! મને ના ફાવે. મારું કર્મકાંડનું જ્ઞાન સામાન્ય અને સંસ્કૃતનો અભ્યાસ પણ ઓછો છે."

માણસની સાચી ઓળખાણ આકૃતિ નથી, પ્રકૃતિ છે.

પૂ.શ્રીએ તરત જ હિંમત આપતા કહ્યું: "વિદ્વત્તાની અગત્ય નથી. તારે તો ફક્ત વાંચવાનું જ. બીજું બધું હું કરી લઇશ. ભાવ જ મુખ્ય છે.

સામાન્ય વિચારધારામાં જીવતો સંત તો પોતાની માતાની ઉત્તરક્રિયા માટે સિદ્ધપુરના કોઇ અતિ વિદ્વાન શાસ્ત્રીની ગોઠવણ કરવાનું જ કહે જે પૂ.શ્રીએ ના કહ્યું. દરેક પ્રવૃત્તિમાં તમારી ભાવના, વૃત્તિ અને શ્રદ્ધાનું જ મહત્ત્વ છે.

અંત:કરણની પવિત્રતા વિનાના વિદ્વાનની વિદ્વત્તાને શું કરવાનું?

જીવનમાં ઉતર્યું ન હોય એ જ્ઞાન તો ભારરૂપ છે ને?

ઘણીવાર આદિવાસી અને ગરીબ ભિલ લોકોનું નિર્મળ અને નિર્દોષ અંત:કરણ જોઇને પૂ.શ્રી કહેતા કે જો મારે બીજો જન્મ લેવો જ પડે તો હું આદિવાસીઓના ઘરમાં જનમવાનું પસંદ કરું. એ લોકો કેવા ભોળા, સરળ અને નિર્દોષ છે!! ભણ્યા નથી પણ ગણ્યા તો છે ને!

●

વેદનાને પચાવે એની વાણી વેદવાણી બને છે.

## (૧૨)

# અવધૂતી આનંદ

પૂ.શ્રીનો જ્યાં પણ મુકામ હોય ત્યાં આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ હોય.

પૃથ્વી ઉપર જાણે વૈકુંઠ ઉતર્યું.

એક વાર પૂ.શ્રી પોરમાં બીરાજતા હતા.

'નર્મદા મા'ની પરિક્રમા ખુલ્લે પગે કરેલી એટલે પગમાં કાંટા-કાંકરા પણ વાગેલા.

ઝાડી-જંગલમાંથી પ્રદક્ષિણા માટે ચાલવાનું એટલે ઠોકર પણ વાગે અને લોહી પણ નીકળે.

અવધૂતજી શરીરને પડતા કષ્ટને મહત્ત્વ ન આપે.

એમને દેહભાન પણ ઓછું.

આપણા જેમ શરીરનો જ વિચાર કરનારા નહિ-શરીરરાખા નહિ.

પોરમાં હતા ત્યારે શિયાળો હતો.

શિયાળાની ઠંડીને કારણે પગમાં ચીરા પડે. પગ ફાટે.

આ ચીરા પડે એ દુઃખે.

આ ચીરાની પીડા ઓછી થાય એ માટે ભક્તો પૂ.શ્રીને પગે કોકમનું ઘી લગાવતા.

બાલિશ (Childish) નહિ, બાળવત્ (Child like) બનો.

દુઃખની પરિસ્થિતિને પણ સુખમાં ફેરવે તે સંત.
પીડાને પણ હળવાશથી સહી લે તે સંત.
આર્ત (દુઃખ)નું આનંદમાં રૂપાંતર કરે તે સંત.
પૂ.શ્રી ભક્તોના મનમાં દુઃખ ન થાય એટલા માટે વાતો કરે.
અવધૂતજી કહેઃ "આ તો 'મા'ની પ્રસાદી છે. એ તો ભાગ્યશાળીને મળે."
પછી વાતાવરણને હળવું કરતાં કહેઃ "જુઓ! સંતોના ચરણોમાં અડસઠ તીરથ રહેલાં છે એમ ભજનમાં લોકો જે ગાય છે તે અડસઠ તીરથ એટલે પગમાં પડેલા ચીરા. સમજ્યા!"
આ સાંભળીને પાસે બેઠેલા ભક્તો ખડખડાટ હસી પડે.
તમે લોકો ગાવ છો ને કે 'સકળ તીરથ મારા સંતના ચરણે' તે આ તીરથ.
આવો અદ્ભુત અને અલૌકિક અવધૂતી આનંદ પૂ.શ્રી કરાવે.
સુખ અને દુઃખ એ તો મનનાં સ્વપ્ન સમા છે અને જન્મ તથા મરણ એ તો શરીરની ગંધ જેવાં છે એવું પૂ.શ્રીએ ભજનમાં ગાયું છે ને!

વિવેકી માણસ એ સમાજની દીવાદાંડી છે.

સુખદુઃખ મનનાં સોણલાં જન્મમરણ તન ગંધ,
બની રમકડું ઈશનું ખેલ **રંગ** નિર્દ્વન્દ્વ.

●

## (૧૩)

## છેતરનારાથી સાવધાન

આપણા રંગદાદાની વિચારધારા સમજવા જેવી હોય છે.
સમાજમાં પરિસ્થિતિનો ગેરલાભ ઊઠાવનારા હોય છે.
લોકોને છેતરનારા હોય છે પણ છેતરનાર કરતાં પણ છેતરાઈ જનાર તો વધુ સજાને પાત્ર છે.
કોઈ ગમે તે કહે પણ એની વાત માનતા પહેલાં સો વાર વિચાર કરવો જોઈએ.
સાચું લાગે તો જ એ વાતનો સ્વીકાર કરવો જોઈએ.
આદિવાસી વિસ્તારમાં એક ભાઈ એના કુટુંબ સાથે રહેતા હતા.
એની પત્ની વધુ ભાવુક હતી.
પતિ બુદ્ધિથી વિચારીને પછી વર્તનારો હતો.

**જ્ઞાનનો કોઈ શોર્ટકટ નથી હોતો.**

એક વાર એક ભાઈ એમના ઘરે આવ્યા.

એ પૂ.શ્રીને માનતા હશે.

એમણે પેલા ભાઈની પત્નીને કહ્યું: “મને આજે સ્વપ્નમાં તમારા ઘરે આવવાનું કહ્યું અને મિષ્ટાન્ન જમવાની આજ્ઞા કરી.”

પેલા બેન તો વાત માની ગયા.

ખૂબ ભાવથી અને પ્રેમપૂર્વક મિષ્ટાન્ન બનાવીને પેલા ભાઈને જમાડ્યા.

પતિને આ વાતની ખબર પડી.

એને આ વાત ન ગમી.

એણે એનો વિરોધ કર્યો.

પત્નીને ખોટું લાગ્યું.

એ જ ભાઈ થોડા દિવસ પછી પાછા આવ્યા.

આવીને કહેવા લાગ્યા: “મને બાપજીએ તારા ઘેર બે-ત્રણ દિવસ રહેવા કહ્યું. સરસ મઝાના પલંગ પર જાડા ગાદલા નાંખીને પથારી કરજે.”

પેલી બહેન તો રાજી થઈ ગઈ પણ એના પતિને પૂછવાનું નક્કી કર્યું.

બંને જણા એક બીજા સાથે સહમત થયા નહિ એટલે પતિએ કહ્યું કે ચાલ નારેશ્વર જઈએ અને બાપજીને

ચારિત્ર્ય એ સૌથી મોટો વૈભવ છે.

પૂછીએ. પૂ.શ્રી કહે તેમ કરીશું.

બંને નારેશ્વર ગયા.

પૂ.શ્રીને વાત કરી.

પૂ.શ્રીએ પેલા બહેનને ઠપકો આપ્યો.

પછી હસીને કહ્યું: "અરે! તું સહેજ તો વિચાર કર કે હું પોતે મિષ્ટાન્ન ન ખાતો હોઉં તો પછી કોઇને સ્વપ્નમાં મિષ્ટાન્ન ખાવાનું કહું ખરો? હું ગાદલા પર ન સૂતો હોઉં તો ગાદલા-પલંગ ઉપર સૂવાની આજ્ઞા કરું ખરો? કોઈ તો ગમે તે કહે પણ એટલે આપણે માની લેવાનું?"

લોભીયા હોય ત્યાં ધૂતારા ભૂખે ના મરે એ યાદ રાખી છેતરનારાથી સાવધાન રહેવાની શિખામણ હતી.

હે બાળકો! ખોટું કરનારાની રજૂઆત તો આકર્ષક હોય છે પણ આપણે ભલા-ભોળા બનવાનું નથી.

એવાને ભોળા નહિ કહેવાય, ભોટ કહેવાય.

●

નિ:સ્પૃહી માટે આખું જગત તણખલા સમાન છે.

# (૧૪)

## પાદરાની પંચાવનમી રંગજયંતી

પૂજ્યશ્રીની જાહેરમાં સૌ પ્રથમ જયંતી દિવેરના ભકતમંડળે ઉજવી.

પછી ઝણોર, ઉમલ્લા વગેરે સ્થળોના મંડળે ઉજવી.

રંગજયંતીની ઉજવણીમાં પાદરાની પંચાવનમી જયંતી શિરમોર બની રહી.

પાદરામાં એક બ્રાહ્મણ રહે.

નામ એનું ગુણવંતભાઈ પાઠક.

કોઈને ખબર ન પડે એ રીતે ગુણવંતભાઈ એક મહારાજ પાસે બારોબાર સત્યનારાયણની કથા કરાવે.

આ કથા વિશે એક મહારાજ જાણે અને બીજા ગુણવંતભાઈ જાણે.

એક વાર પૂ.શ્રી એક સંતને મળવા પાદરા ગયેલા.

ત્યાં ગુણવંતભાઈ પણ બેઠેલા હતા.

ત્યાં પૂ.શ્રીએ વાત વાતમાં કહ્યું કે એમ છાનામાના સત્યનારાયણની કથા કરાવ્યે કશું ના વળે.

બસ! ગુણવંતભાઈએ પૂ.શ્રીના ચરણમાં માથું મૂકી દીધું.

**વારસામાં ગાદી મળે, ગુણ તો કેળવવા પડે.**

પોતાની ગુપ્ત વાત જાણનાર સંત સાક્ષાત્ ભગવાન જ છે એવું માની લીધું.

ગુણવંતભાઈનો ભાવ-ભક્તિ-શ્રદ્ધાનો ઉછળતો મહેરામણ જોઈને પૂ.શ્રીએ રંગજયંતી ઉજવવાની હા કહી.

સને ૧૯૫૩નું વર્ષ.

સંવત ૨૦૧૦.

પૂ.શ્રીને પંચાવન વર્ષ પૂરા થતા હતા એટલે પંચાવનમી રંગજયંતી. (પણ છપ્પનમું વર્ષ બેસતું હતું એટલે એ દષ્ટિએ છપ્પનમી રંગજયંતી પણ કહી શકાય.)

કારતક સુદ આઠમના રોજ પૂજ્યશ્રી પાદરાના સ્ટેશને ઉતર્યા.

થોડી વિશ્રાંતિ લીધી.

પછી સ્વાગતની શોભાયાત્રા નીકળી.

સ્વાગતની તૈયારી અને ઉમળકો જોઈ અવધૂતજી બોલ્યા કે "આ તો પાદરા છે કે અયોધ્યાપુરી?"

પાદરાનું સ્વાગત બેનમૂન હતું.

બે શ્વેત ઘોડાની શણગારેલી બગીમાં પૂ.શ્રી બેઠા.

આગળ બેંડવાજાવાળા, ઢોલકવાળા, જુદા જુદા સંપ્રદાયોના ભકતમંડળો, ભાવિક પુરુષ ભક્તો હતા.

સુમતિ અને સંપત્તિ માણસને સન્મિત્રો આપે છે.

બગીની પાછળ કુમારિકાઓ સુંદર વસ્ત્રોથી સજ્જ થઇ માથે કળશ લઇને ચાલતી હતી.
એમની પાછળ બીજી બહેનો હતી.
ગામમાં પ્રવેશતાં મુસ્લિમ વર્ગો આવ્યો.
એમણે સાયકલોનું તોરણ લટકાવી સ્વાગત કર્યું.
પોતાનો પયગંબર આવ્યો હોય એવા ભાવથી સ્વાગત કર્યું અને "રંગ અવધૂત મહારાજની જય" એવો જયઘોષ કર્યો.
માળીવાડમાં આસોપાલવનો દરવાજો હતો અને ઠેર ઠેર ગુલાબના ફૂલોની વૃષ્ટિ થઇ.
સ્વર્ગમાંથી દેવાંગનાઓ પુષ્પવૃષ્ટિ કરતી હોય એવું લાગ્યું.
પછી ઝંડા બજાર આવ્યું.
ઝંડા બજાર ધજા-પતાકાથી શણગાર્યું હતું.
એમણે ત્યાં ચાર દરવાજાઓ બનાવેલા.
પછી છીપવાડ આવી.
એ લોકોનો ધંધો મંડપ બાંધવાનો.
એમણે દસ દરવાજાઓ બનાવેલા અને આખી છીપવાડને સફેદ વસ્ત્રોથી ઢાંકી દીધેલી.

દાનનો સદ્‌ભાવ વેરના દુર્ભાવનો નાશ કરે છે.

ફરતી ફરતી શોભાયાત્રા પ્રખ્યાત શાક માર્કેટ પાસે આવી ત્યારે કાછિયા લોકોએ દશ કળશી (૩૨૦૦ કિ.ગ્રા.) કેળાનો દરવાજો બનાવી અનેરૂં સ્વાગત કર્યું.

ખરાદીવાડમાં લાકડાની ખીંટીઓનું તોરણ હતું.

ગાંધીચોક પાસે શ્રીફળનો દરવાજો બનાવ્યો હતો.

અને જ્યાં શોભાયાત્રા ચોકસી બજારમાં આવી ત્યાં બધાની આંખ દંગ થઇ ગઇ.

ચોકસીઓએ ચાંદીના-સોનાનાં નેકલેસ, કંગન, કંદોરો વગેરે દાગીનાનો દરવાજો બનાવ્યો હતો.

સોના ચાંદીના દાગીનાથી શોભતા દરવાજાને વટાવ્યા પછી કુંભારવાડો આવ્યો જ્યાં માટલાનો દરવાજો હતો.

પછી આવી કંસારાવાડ.

તાંબા-પિત્તળના વાસણના દરવાજાથી કંસારાવાડ શોભતી હતી.

પછી આવ્યો નાગરવેલના પાનનો દરવાજો અને પછી આવી યજમાન શ્રી ગુણવંતભાઇ પાઠકની નાંદિરા શેરી.

રેશમી વસ્ત્રોની બિછાત પથરાઇ ગઇ.

રેશમી વસ્ત્રો પર ડગ માંડતા અવધૂતજી આંગણે આવ્યા.

પોતાના દોષ જુઓ અને પારકાના ગુણો જુઓ.

ઘરમાં પેસતા અગાઉ દરવાજા પાસે ગુણવંતભાઇના ધર્મપત્ની અ.સૌ. જમનાબેને પૂ.શ્રીને સાચા મોતીડે વધાવ્યા.

ઘરમાં પ્રવેશીને બેસતા જ પૂ.શ્રી બોલ્યા: "અવધૂત આ બેઠો! આ અવધૂત બેઠો!"

બસ! ત્યારથી અવધૂતજી ત્યાં જ બેઠા છે અને ત્યાંથી ગયા નથી.

એના પરચા હજી આજે પણ મળે છે.

પૂ.શ્રી રામચંદ્ર ડોંગરે- ડોંગરે મહારાજની ભાગવત સપ્તાહનું આયોજન પણ થયું હતું.

પૂ.શ્રીના આદેશાનુસાર કથાકાર તરીકે ડોંગરે મહારાજની વરણી કરી હતી.

લોકોનો અદમ્ય ઉત્સાહ, હૃદયનો ભાવ અને શ્રદ્ધા ભક્તિ જોઈને આવેલા લોકો પણ આભા બની ગયા.

હજી આજે પણ રંગજયંતીની વાત નીકળે ત્યારે પાદરાની રંગજયંતી યાદ આવે જ અને યાદ આવે એનું બાદશાહી સ્વાગત.

કવિઓએ આ જયંતીનું વર્ણન કરતાં કાવ્યો અને ભજનો પણ લખ્યા.

અનુભવ એ માનવમાત્રનો અનુપમ શિક્ષક છે.

આ જ ગુણવંતભાઈ પાઠકે ભજન લખ્યું:
“દત્ત દિગંબર આવો આવો અંતરના મહેમાન
તમારા શા કરીએ સન્માન”.

પાદરાની પંચાવનમી રંગજયંતી, પાદરાના ગુણવંતભાઈ પાઠક અને એ ગુણવંતભાઈનું આ ભજન રંગ પરિવારનાં અણમોલ સંભારણાં છે. એ ક્યારેય ભૂલાશે નહિ.

•

## (૧૫)

## નારેશ્વરમાં સાઇઠમી રંગજયંતી

સંવત ૧૯૯૭ એટલે સને ૧૯૪૦માં દિવેરમાં જાહેરમાં સૌ પ્રથમ રંગજયંતીની ઉજવણી થઈ.

પછી ઝણોર, ઉમલ્લા, પોર, છાણી, પાદરા વગેરે સ્થળોએ ઉજવાઈ.

પરંતુ પૂ.માજી પોતાના પનોતા પુત્રની જન્મજયંતીની ઉજવણીમાં હાજર રહી શકતા ન હતા.

કેટલાક ભકતોએ એક રંગજયંતી નારેશ્વરમાં ઉજવવાનું નક્કી કર્યું.

યાચનાની શરૂઆત સાથે જ ગૌરવનો અંત આવે છે.

નારેશ્વરમાં રંગજયંતીનો ઉત્સવ ઉજવાય તો પૂ.માજી પણ ઉત્સવ જોઈ શકે.

પોતાના પનોતા પુત્રની જયંતીનો ઉત્સવ જોવાની પૂ.માજીને ઈચ્છા થાય એ સહજ છે.

સને ૧૯૫૭ એટલે કે સંવત ૨૦૧૪ની ૬૦મી રંગજયંતી નારેશ્વરમાં ઉજવવાનું નક્કી થયું.

ભક્તોએ મનોમન નક્કી તો કર્યું પણ અવધૂતજીની સંમતિ મેળવવાની બાકી હતી.

પહેલા તો પૂ.શ્રીએ સંમતિ ન આપી પણ પછી એમણે મૂકેલી શરતોનું પાલન થતું હોય તો જયંતી ઉજવવાની હા કહી.

એ શરત અનુસાર પૂ.શ્રી. સૌ પ્રથમ પોતાના ગુરુદેવના દર્શને ગરુડેશ્વર ગયા.

ઉત્સવમાં ખોટો ખર્ચો ન થાય અને ધર્મની પરંપરા અનુસાર ભક્તિભાવ ભર્યા સત્કર્મો થાય એ શરત પણ મંજુર થઈ.

ચારે વેદોના યજ્ઞો થયાં.

નામસ્મરણની, ભજનની મસ્તી ચઢે એ રીતના કાર્યક્રમ ગોઠવાયા.

ખભેખભા મીલાવીને ભક્તોએ સરસ કાર્યક્રમ કર્યો.

**આશા માણસને દોડાવનારું પ્રેરકબળ છે.**

કવિ સંમેલન થયું.
માસ્ટર વસંત અને દોસ્ત મહમદ જેવા સંગીતના ઉસ્તાદોએ મન મૂકીને ભજનો ગાયાં અને પ્રદર્શન યોજાયું.
નારેશ્વર ઉપર સ્વર્ગ ઉતરી આવ્યું એમ કહી શકાય.

●

## (૧૬)

## પૂ.શ્રી અને પ.પૂ. પ્રકાશાનંદજી

સૌરાષ્ટ્રમાં ગોદડિયા મહારાજ તરીકે જાણીતા થયેલા સંત પ.પૂ. પ્રકાશાનંદજી મૂળ બેલગામના.
પોતાના મિત્રની પત્નીનું ભર યુવાનીમાં અવસાન થયું.
બળતી ચિતાને જોતા જ વૈરાગ્ય જન્મ્યો.
પૂર્વના પુણ્યબળે વૈરાગ્ય તીવ્ર થતાં ઘર છોડયું.
ગોધરાના ડેપ્યુટી કલેકટર લલ્લુભાઈ ગોરધનભાઈના સંપર્કમાં આવ્યા.
જનક રાજાની જેમ ગૃહસ્થ હોવા છતાં લલ્લુભાઈનું આધ્યાત્મિક સ્તર ઊંચુ જણાતાં એમને ગુરુપદે સ્થાપ્યા.

ચરે તે પશુ, વિચરે તે મનુષ્ય.

એક વાર પ.પૂ. પ્રકાશાનંદજી નડિયાદમાં હતા.
મુ. શાંતિભાઈ ઠાકરને ત્યાં મુકામ હતો.
મુ. શાંતિભાઈ ઠાકર અતિ વિદ્વાન અને સંતપ્રેમી.
પૂ.શ્રી અવધૂતજી પ્રત્યે પણ ઊંચો ભાવ.
પૂ.શ્રી નડિયાદ પધાર્યા.
એમને ખબર પડી કે શાંતિભાઈને ત્યાં સંતરાજ પ.પૂ. પ્રકાશાનંદજી વિરાજે છે.
પૂ.શ્રી દર્શને ગયા.
પૂ.શ્રીની ભરયુવાની અને વૈરાગ્યના બેતાજ બાદશાહ ભરથરી જેવો તીવ્ર વૈરાગ્ય.
પૂ.શ્રીનો વૈરાગ્ય જોઈને પ્રકાશાનંદજી મહારાજને આનંદ થયો.
પૂ.શ્રી દર્શન કરીને ગયા પછી પ.પૂ. પ્રકાશાનંદજી મહારાજે શાંતિભાઈને કહ્યું: "જો આમનો આવો વૈરાગ્ય જીવનભર ટકે તો એમની માતાને ધન્ય છે."
અને ખરેખર! પૂ.શ્રીએ એ વૈરાગ્યને ટકાવી રાખ્યો અને વૈરાગ્યની તીવ્રતામાં વધારો કર્યો.
પૂ.શ્રીની ૬૫મી જન્મજયંતી દ્વારકામાં ઉજવાઈ.
એ વખતે પૂ.શ્રી પ.પૂ. પ્રકાશાનંદજી મહારાજની સમાધિના સ્થાને ગયા અને પોતાનો હૃદયનો ઊંચો

દુ:ખને સ્વીકારી લેવાથી તે પજવી શકતું નથી.

ભાવ વ્યકત કર્યો.

સમાધિ સ્થળની પવિત્રતાને આ જ રીતે જાળવી રાખજો એવું સૂચન પણ કર્યું.

પ.પૂ. પ્રકાશાનંદજીના 'વાર્તાલાપ' અને 'ધર્માલાપ' નામના બે પુસ્તકો સસ્તુ સાહિત્ય પ્રકાશને પ્રકાશિત કર્યા છે.

શાંતિનિકુંજની પૂ.શ્રીની લાયબ્રેરીમાં આ બે ગ્રંથો સાચવી રખાયા છે.

•

## (૧૭)

## પૂ.શ્રી અને પૂ.હરિઃ ૐ મોટા

પૂ.શ્રી વડોદરામાં પાંડુરંગ વળામેના નામે કોલેજમાં ભણતા હતા ત્યારે એ જ કોલેજમાં ચુનીભાઇ ભાવસાર નામે એક વિદ્યાર્થીના સંપર્કમાં આવ્યા.

આ જ ચુનીભાઇ પાછળથી પૂ. હરિઃ ૐ મોટા તરીકે જાણીતા થયા.

બંને મિત્રોએ સાથે કોલેજ છોડી અને પૂ. ગાંધીજીની લડતમાં જોડાયા.

ભક્તિ રહિત તપ મુક્તિ બક્ષતું નથી.

પૂ.શ્રીનું સંસ્કૃતનું જ્ઞાન ઘણું સરસ.
ભાષા ઉપર ગજબનું પ્રભુત્વ.
પૂ.શ્રી પૈસાનો સ્પર્શ કરે નહિ.
પૂ. મોટા સમાજના ઉત્થાન કાર્ય માટે પૈસા સ્વીકારે.
પૂ. મોટાને બાપજી પ્રત્યે ઊંચો સદ્‌ભાવ.
સને ૧૯૬૮માં પૂ.શ્રી નારેશ્વરથી નીકળીને નડિયાદ આવ્યા.
પૂ. મોટા બાપજીને મળવા આવ્યા.
બંને સંતો અને જૂના મિત્રો મળ્યા.
પૂ.શ્રીને પગે સોજા હતા.
તબિયત બહુ સારી ન હતી તો પણ પૂ. મોટાના આશ્રમે ગયા.
પૂ. મોટાએ ભાવપૂર્વક આગ્રહ કર્યો હતો.
એક વાર પૂ.શ્રી મોટાએ પૂ. બાપજીને કહ્યું કે હવે આ શરીર રોગનું ઘર થઇ ગયું છે. એ સમાજની સેવા માટે લાયક રહ્યું નથી એટલે શરીર છોડી દેવાનું મન થાય છે.
પૂ.શ્રીએ તરત કહ્યું: “ઉતાવળ ના કરશો. પહેલા હું જઉં. ત્યાં જઇને તમારી વ્યવસ્થા કરું. પછી આવજો.”
અને ખરેખર થયું પણ એવું જ.

સમુદ્રનો તાગ મેળવવા માણસે મરજીવા થવું પડે.

પૂ.શ્રીએ સને ૧૯૬૮માં હરિદ્વારમાં દેહ છોડ્યો પછી આઠ વર્ષે પૂ. મોટાએ સને ૧૯૭૬માં પોતાનો દેહ છોડ્યો.

પૂ.શ્રી પ્રત્યે પૂ. મોટાનો સદ્‌ભાવ ઘણો ઊંચો.

એમણે પૂ.શ્રીને આપેલી શ્રદ્ધાંજલિમાં આ ભાવ વ્યક્ત થતો હતો.

"આધ્યાત્મિક દૃષ્ટિએ ગુજરાતમાં એ એક મહાન પુરુષ થઇ ગયા. ચેતનામાં નિષ્ઠા પામેલા મહાત્માઓ જતા નથી રહેતા. શરીર ન હોય પણ દર્શન આપે. ભગવાનની કૃપાથી આ ગરીબ માણસનો ભાગ્યોદય ખરો કે એમનું મિલન થયું."

આગળ બોલતાં પૂ. મોટાએ જણાવ્યું: "કોલેજમાં એ એક વર્ષ મારાથી આગળ હતા પણ અમારો સંબંધ ગાઢ હતો. મારા પર એમનો અઢળક ભાવ હતો. આ જીવ ક્યાં અને એ ક્યાં? એમની ખરેખરી જાણ કોઈને થઈ નહિ. xxxxx ગુજરાતમાં એમને નામથી તો ઘણા જાણતા હતા, પણ અંદરના રામથી બહુ ઓછા જાણતા. એમનામાં જે દૈવત હતું એનો લાભ આપણા ગુજરાતે લીધો નહિ."

આમ પૂ. મોટાને પૂ.બાપજી પ્રત્યે ઊંચો સદ્‌ભાવ હતો.

સ્વસ્થ શરીર એ ધર્માચરણનું પહેલું સાધન છે.

પૂ.શ્રી પણ સુરત જાય તો હરિ ૐ આશ્રમે જાય.
ગુજરાતના બંને મહાન સંતોના ચરણોમાં લાખ લાખ વંદન.

●

## (૧૮)

## પૂ.શ્રી અને પૂ.મુક્તાનંદબાબા

પૂ.મુકતાનંદબાબા એટલે પૂ.નિત્યાનંદબાબાના શિષ્ય.
મુંબઇ પાસે આવેલા વસઈથી થોડે દૂર વજ્રેશ્વરી પાસે ગુરુદેવ આશ્રમ (ગણેશપુરી) નામે એમનો આશ્રમ આવેલો છે.
યોગમાર્ગમાં ખૂબ આગળ વધેલા સંત.
'ચિતિશક્તિ વિલાસ' નામનું એમનું પુસ્તક ખૂબ જાણીતું.
આપણા રંગ બાપજી માટે પૂ.નિત્યાનંદબાબાને ઘણો સદ્‌ભાવ.
ભરૂચની આજુબાજુના સ્થળેથી કોઇ ભકત વજ્રેશ્વરી જાય અને નિત્યાનંદબાબાને ખબર પડે તો તરત કહે કે

ચિંતાઓથી મુકત થવા ચિંતન કરો.

અહીં સુધી આવવાની શી જરૂર હતી? નારેશ્વરમાં હું જ છું ને!

મુક્તાનંદબાબાના આશ્રમમાં પૂ.શ્રી ગયા હતા.

ત્યાં અમેરિકાનો એક સાધક આવ્યો હતો.

દક્ષિ જહોન એનું નામ.

સાધનામાં આગળ વધેલો.

પરમતત્ત્વની શોધની ગડમથલ કરે.

એક સવારે પૂ.શ્રી અને મુક્તાનંદબાબા આશ્રમના બગીચામાં ફરવા નીકળ્યા.

પૂ.શ્રીની નજર દક્ષિ જહોન પર પડી.

દક્ષિ જહોનની ભૂમિકા બદલી નાંખી.

એને જે અનુભવ થયો તે દિવ્ય અનુભવ એણે એના સામયિકમાં વર્ણવ્યો છે.

તેઓશ્રી નારેશ્વર પણ આવી ગયા છે.

પૂ.મુક્તાનંદબાબા પણ નારેશ્વર પૂ.શ્રીના દર્શને આવતા.

પૂ.શ્રીએ હરિદ્વારમાં દેહ છોડ્યો પછી એના અંત્યેષ્ટિ સંસ્કાર નારેશ્વરમાં થયાં ત્યારે પૂ.મુક્તાનંદબાબા ઉપસ્થિત રહ્યા હતા.

કોઇ પણ પ્રકારના 'અતિ'ને ગીતા વર્જ્ય ગણે છે.

પૂ.શ્રીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે નારેશ્વર ધામમાં યોજાયેલ ધર્મસત્ર-જ્ઞાનસત્ર દરમ્યાન પૂ.મુક્તાનંદબાબાએ નારેશ્વર પધારી પૂ.બાપજી પ્રત્યેનો સદ્‌ભાવ વ્યક્ત કર્યો હતો.

પૂ.મુક્તાનંદબાબાએ એમના આશ્રમના પ્રવેશદ્વારે જ પૂ.બાપજીએ આપેલું સૂત્ર 'પરસ્પરદેવો ભવ' મૂક્યું છે.

•

## (૧૯)

## પૂ.શ્રી અને પૂ.ડોંગરે મહારાજ

ગુજરાતમાં શ્રીમદ્ ભાગવત કથાના મહાન કથાકાર બે. એક પૂ. રામચંદ્ર ડોંગરે- પૂ. ડોંગરે મહારાજ અને બીજા પૂ. કૃષ્ણશંકર શાસ્ત્રી- પૂ. દાદાજી.

પ.પૂ. અવધૂતજીની ૧૯૫૩માં પંચાવનમી જયંતી પાદરામાં ઉજવાઇ.

યજમાન હતા મુ. ગુણવંતભાઇ પાઠક.

પૂ.શ્રીએ પૂ. ડોંગરેજીની ભાગવત સપ્તાહ બેસાડવા કહ્યું.

નિષ્ક્રિય જ્ઞાન એ કેવળ ભારરૂપ છે.

એ સમયે પૂ. ડોંગરે મહારાજની લોકપ્રસિદ્ધિ ખૂબ ઓછી. ઘણાએ ગુણવંતભાઈને કહ્યું કે તું ડોંગરે મહારાજના ગુરુ પૂ. નરહરિની ભાગવત સપ્તાહ રાખ.

પણ ગુણવંતભાઈએ તો એક જ જવાબ આપ્યો કે મારા ગુરુએ મને કહ્યું એટલે હું તો ડોંગરે મહારાજની ભાગવત સપ્તાહ જ બેસાડીશ.

ભાગવત કથા કરવા જતાં પહેલાં પૂ. ડોંગરે મહારાજ દસ-પંદર મિનિટ પૂ.શ્રી પાસે બેસતાં અને પછી વંદન કરીને કથા વાંચતા.

આ કથા પછી પૂ. ડોંગરે મહારાજ ખૂબ જ પ્રસિદ્ધિ પામ્યા.

સને ૧૯૬૩માં સુરતમાં ઠાકોરભાઇ મીઠાઈવાળાને ત્યાં પૂ. ડોંગરે મહારાજની ભાગવત સપ્તાહ હતી.

પૂ.બાપજીનો મુકામ પણ હતો.

પૂ.શ્રી કથામાં જતા.

વ્યાસપીઠને વંદન કરીને પોતાનું આસન ગ્રહણ કરતાં. વ્યાસપીઠ કરતાં પોતાનું આસન નીચું રખાવતા અને ધર્મની પરંપરા જાળવતાં.

પૂ.શ્રી અને પૂ. ડોંગરે મહારાજ બંને મહારાષ્ટ્રીયન હતા.

**જ્ઞાન વગરની ક્રિયા એ વેઠરૂપ છે.**

પૂ.શ્રીએ આજીવન બ્રહ્મચર્ય આશ્રમ પાળ્યો જ્યારે પૂ. ડોંગરે મહારાજે ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો હતો.
દેહ છોડતાં પહેલાં પૂ. ડોંગરે મહારાજે આતુર સંન્યસ્ત લીધો હતો. પરિણામે પૂ. ડોંગરે મહારાજને જળસમાધિ આપવામાં આવી.

•

## (૨૦)

## પૂ.શ્રી અને પૂ. કૃષ્ણશંકર શાસ્ત્રી (દાદાજી)

ગુજરાતના જાણીતા ભાગવત કથાકાર બે.
એક પૂ. ડોંગરે મહારાજ અને બીજા પૂ. દાદાજી એટલે પૂ. કૃષ્ણશંકર શાસ્ત્રીજી.
પૂ. દાદાજી મૂળ નડિયાદના.
એમને પૂ.બાપજી પ્રત્યે અનહદ અનુરાગ.
નારેશ્વર જવાની ઈચ્છા તીવ્ર પણ અનુકૂળતા ઓછી મળે.
એમણે અમદાવાદ પાસે સોલાધામમાં ભાગવત વિદ્યાપીઠની સ્થાપના કરી.

**ન પચેલું અન્ન પેટ બગાડે- ન પચેલું જ્ઞાન જીવન બગાડે.**

ભારતના ભવ્ય ભૂતકાળના પ્રતીકરૂપ તક્ષશિલા અને નાલંદા વિદ્યાપીઠને યાદ કરાવે એવી.

ભાગવત વિદ્યાપીઠ માટે પૂ. દાદાજી સ્થાન શોધે.

બધે તપાસ કરે.

પૂ.શ્રીએ કહેલું: "શાસ્ત્રીજી! ભગવાન સામે ચાલીને જગ્યા આપશે. ચિંતા ના કરશો."

સોલા ગામ પાસે જમીન મળી અને પૂ.શ્રીના દર્શને ગયા તો પૂ.બાપજીએ કહ્યું: "હવે સત્વરે કાર્ય શરૂ કરો."

સને ૧૯૬૭ની ૧૩મી માર્ચે સોલા ભાગવત વિદ્યાપીઠના ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો.

પૂ.શ્રીને આમંત્રણ મળ્યું.

પૂ.બાપજીએ પત્ર લખી જણાવ્યું પણ ખરું કે "માતૃઆજ્ઞાવશ હું નિરુપાય છું."

પરંતુ એના જવાબમાં પૂ. દાદાજીએ માત્ર એક લીટીનો પત્ર લખ્યો.

લખ્યું: "આપ સમર્થ નિરુપાય છો, હું સામાન્ય નિરાધાર છું."

બસ! આ એક લીટીમાં વ્યકત થયેલા પ્રેમ, શ્રદ્ધા અને હૃદયના ભાવે પૂ. અવધૂતજીને લાચાર બનાવ્યા અને પૂ. અવધૂતજી આવ્યા.

**તત્ત્વજ્ઞાન માણસને સોનું ન આપે, સોનેરી બનાવે.**

મોટરમાં ન બેસાય તો પણ બેઠા.
ખાતમુહૂર્તમાં હાજર રહ્યા.
પૂ. દાદાજીએ સમગ્ર ખેતરમાં પૂ.શ્રીને ફેરવ્યા.
જાણે જમીનને અભિમંત્રિત કરાવી.
પછી પૂ. દાદાજીએ પૂ.શ્રીને પાણીનો બોર ક્યાં કરું એવું પૂછ્યું.
પૂ.શ્રીએ સ્થળ બતાવ્યું.
ત્યાં બોર કર્યો.
પુષ્કળ પાણી મળ્યું.
મીઠું પાણી મળ્યું અને એ જ સ્થળ પાસે પૂ. દાદાજીએ પૂ.શ્રીની પ્રતિમા પધરાવી.
આજે શ્રીરંગ મંદિર, સોલાનું આ દિવ્ય સ્થાન આ વાતની સ્મૃતિમાં શોભી રહ્યું છે.
પૂ.શ્રીએ પૂ. દાદાજી પાસે નારેશ્વરમાં પ્રાર્થનાખંડનું ઉદ્‌ઘાટન કરાવ્યું હતું.
પૂ.શ્રીએ હરિદ્વારમાં દેહ છોડ્યો પછી વિદ્વાનોએ જે શ્રદ્ધાંજલિ આપી એમાં પૂ. દાદાજીએ આપેલી શ્રદ્ધાંજલિ દિવ્ય, અદ્‌ભુત અને અલૌકિક હતી.

●

**જ્ઞાનના પ્રકાશ સામે અંધશ્રદ્ધાના અંધારા ટકી શકતા નથી.**

## (૨૧)

## મનની મનમાં રહી ગઈ

સને ૧૯૫૭ એટલે સંવત ૨૦૧૩નો પોષ માસ હતો.
અવધૂત બાપજી પોર પધાર્યા હતા.
પૂ.શ્રી માટે પોર એ આરામ લેવાનું સ્થાન.
ભક્તોમાં શિસ્ત ઊંચી અને ભક્તિભાવ પણ ખૂબ.
બાપજીને પોર ખૂબ ગમે.
પોષ મહિનાની એક સવાર હતી.
બાપજી કુટિરની બહાર પીપળાના ઝાડ નીચે ખુરશીમાં બેઠા હતા.
પૂ.શ્રીની પાસે ગોવિંદભાઈ ઉપાધ્યાય બેઠા હતા.
પોર ગામના વયોવૃદ્ધ વડિલ શ્રી કેશવલાલભાઈ થોડે દૂર બેસી પૂ.શ્રીના દિવ્ય સ્વરૂપનું ધ્યાન ધરી રહ્યા હતા.
પૂ.શ્રીએ ચાદર ઓઢી હતી.
થોડી વાર પછી પૂ.શ્રીએ ચાદરનો છેડો સંકેલવા હાથ બહાર કાઢ્યો.
ગોવિંદભાઈની નજર પૂ.શ્રીના હાથના વધેલા નખ પર પડી.

જ્ઞાન માણસને અંતર્મુખ બનાવે છે.

એમણે તરત જ કહ્યું: બાપજી! આંગળીના નખ ખૂબ વધી ગયા છે. લઇ લઉં?

પૂ.શ્રીએ નખ જોયા અને પછી કહ્યું: "લે, લઇ નાખ ત્યારે."

ગોવિંદભાઇ ઊઠીને નેઇલ કટર લેવા કુટિરમાં ગયા.

નખ લેવાની તૈયારી દરમ્યાન મનમાં એક વિચાર આવ્યો.

કપાયેલા નખ સાચવવાનો.

એમને થયું કે પૂ.શ્રીના કપાએલા નખને હું ફેંકી નહીં દઉં. રાખી મૂકીશ. આ નખને ચાંદીની ડબ્બીમાં મૂકી એની રોજ પૂજા કરીશ.

ખૂબ સારો વિચાર. પવિત્ર વિચાર.

આ વિચારથી મન હસુ હસુ થઇ રહ્યું.

મુખ મલકી ગયું.

ગોવિંદભાઇએ નખ કાપવાનું શરૂ કર્યું ત્યાં બાપજી બોલ્યા: નખ બહુ જલદી વધી જાય છે. હજુ હમણાં જ-થોડા દિવસ પહેલા જ માસ્તરે (સુમનભાઇએ) નખ લીધા હતા. થોડી વારમાં જ પાછા વધી ગયા.

ગોવિંદભાઇએ કહ્યું: "બાપજી! નખ જલદી વધે એ તો તંદુરસ્તીની નિશાની કહેવાય."

**જ્ઞાન એ મુક્તિની અને યોગ એ કર્મ તથા ભક્તિની સાધના છે.**

બધા નખ લેવાઈ ગયા.
સાચવી રાખવાની ભાવના મનમાં હતી.
એક કાગળમાં ભેગા કર્યા.
કાગળમાં નખ બાંધે તે પહેલા જ અવધૂતજીએ જરા ઊંચા અને કડક અવાજે કહ્યું: "એને રાખી મૂકવાના નથી. જા, હમણાં જ નદીના જળમાં જઈને પધરાવી આવ."
આટલું બોલતાં પૂ.શ્રીએ ગોવિંદભાઈ તરફ અને દૂર બેઠેલા કેશવલાલભાઈ તરફ વેધક દૃષ્ટિ ફેંકી.
ગુરુની આજ્ઞા માથે ચઢાવીને ગોવિંદભાઈ ઉપડ્યા.
નદીમાં ઉતર્યા.
નખને આંખે લગાડ્યા.
માથે અને કપાળે સ્પર્શ કરી ગુરુદેવદત્તની ગર્જના સાથે નદીમાં પધરાવી દીધા.
ગુરુની આજ્ઞા પ્રમાણે નખ નદીમાં પધરાવી દીધા.
મનની ઈચ્છા મનમાં જ રહી ગઈ.
થોડી વાર પછી કેશવલાલભાઈએ ગોવિંદભાઈને કહ્યું: "ગોવિંદ! ગુરુમહારાજ મારા મનની વાત જાણી ગયા."
ગોવિંદભાઈએ પૂછ્યું: "શું થયું?"

**શિક્ષિત જીવન કરતાં દીક્ષિત જીવનનું વિશેષ મહત્ત્વ છે.**

એમણે કહ્યું: "તું જયારે નખ લેતો હતો ત્યારે મને એવો વિચાર આવ્યો કે આ નખને હું લઈ લઈશ અને એને પૂજામાં રાખી મૂકીશ. પરંતુ પૂ.શ્રીએ મારા મનની વાત જાણીને જ તને નખ નદીમાં પધરાવવાનું કહ્યું."

"નખ રાખી મૂકવાના નથી. એને નદીમાં પધરાવી દે" એવું કહેતી વખતે પૂ.શ્રીએ કેશવભાઈ તરફ પણ વેધક દૃષ્ટિ ફેંકી હતી તેનું રહસ્ય ગોવિંદભાઈ સમજી ગયા.

બંને ભક્તોની મનની ઈચ્છા મનમાં જ રહી ગઈ.

ગુરુની વૃત્તિમાં પોતાની વૃત્તિ સમાવીને, ગુરુ કહે તેમ કરનાર આવા ગુરુભક્તને પણ ધન્યવાદ.

ગુરુમહારાજ તો શિષ્યનું શ્રેય જ ઈચ્છેને!

●

કર્તવ્યકર્મથી પલાયન ન થવું.

# (૨૨)

## જાતપાતની તને ન ચીડ

માલોદ નામે ગામ.
હવે એ નારેશ્વર રોડ સ્ટેશન તરીકે ઓળખાય છે.
એમાં એક મુસલમાન રહે.
દાદુમિંયા એનું નામ.
માલોદ રેલવે સ્ટેશનના સ્ટેશન માસ્તર બાપજીના પરમ ભક્ત.
એનું નામ ચિંતામણિભાઈ.
ચિંતામણિભાઈ અને દાદુમિંયા જીગરી દોસ્ત.
એ દોસ્તીના નાતે દાદુમિંયા પણ બાપજીનાં ભક્ત બનેલા.
નાની-મોટી ઉપાધિમાં બાપજીનો જ આશરો.
બાપજીની કૃપાથી બધું સારું થઈ જાય એટલે શ્રદ્ધા ખૂબ.
દર ગુરુવારે નારેશ્વર જાય.
એક વાર દાદુમિંયા ગંભીર માંદગીમાં પટકાયા.
દિવસે દિવસે તબિયત બગડતી ચાલી.
દાક્તરની દવા પણ અસર કરતી ન હતી.
દાદુમિંયા પથારીવશ થઈ ગયા.

સ્વકર્મ આચરી તેનું ફળ પરમાત્મા પર છોડી દેવું.

એ દરમ્યાન દત્તજયંતી આવી.
ધામધૂમથી દત્તજયંતી ઉજવાઇ.
દાદુમિંયાની ગેરહાજરીની અવધૂતજીએ નોંધ લીધી.
દત્તજયંતીના ચોથા દિવસે ચિંતામણિભાઇ નારેશ્વર ગયા.
આજે માગશર વદ ચોથ.
નજીકના ભક્તોને મન એનું ખૂબ મહત્ત્વ.
સંવત ૧૯૮૨ની માગશર વદ ચોથના દિવસે પૂ.શ્રીએ પોતાનું પહેલ વહેલું આસન નારેશ્વરમાં ભગવાન શંકર પાસેના લીમડા નીચે મૂકેલું.
વાતમાં ને વાતમાં અવધૂતજીએ ચિંતામણિભાઇને પૂછ્યું: "માસ્તર! આ વખતે ઉત્સવમાં માલોદવાળા દાદુમિંયાને મેં ના જોયા. એમના શું સમાચાર છે?"
બસ! આ વાત નીકળતાં જ ચિંતામણિભાઇએ બધી વાત કરી.
એમણે કહ્યું: "બાપજી! દાદુમિંયા તો પથારીવશ છે. રોગથી એવા ઘેરાયેલા છે કે આજની રાત પણ ભાગ્યે જ કાઢે. એમને દેહનું પણ ભાન રહ્યું નથી."
વાત કરતાં કરતાં ચિંતામણિભાઇની આંખમાં પાણી આવી ગયા.

ભેદ ત્યાં ખેદ, અભેદ નિર્વાણ છે.

પૂ.શ્રી બંનેની મિત્રતાથી પરિચિત હતા.
એમણે તરત કહ્યું: "માસ્તર! દાદુએ જવાનું નથી. એના કાળને પાછો કાઢીશ."
આમ કહીને પૂ.શ્રીએ રતનલાલ મહાત્માને કહ્યું: આમને પ્રસાદના ત્રણ લાડવા આપો.
પછી બાપજીએ ચિંતામણિભાઇને કહ્યું કે આ પ્રસાદ લઇને તમે સીધા દાદુમિંયાના ઘરે જજો અને એના ખાટલે જઇ મોટેથી બોલાવજો. નારેશ્વરથી પ્રસાદ લાવ્યો છું એમ કહેજો અને ત્રણે લાડવા એને ખવડાવી દેજો. એને નવું જીવન મળી જશે.
ચિંતામણિભાઇને પૂ.શ્રીમાં અખૂટ શ્રદ્ધા છતાં મન વિચારે ચઢ્યું.
મરણપથારીએ પડેલો, દેહભાન વગરનો દાદુમિંયા કેમ કરીને પ્રસાદ ખાશે? અને તે પાછા ત્રણ લાડવા? અશક્ય!!
પરંતુ અશક્યને શક્ય કરે તે સંત.
"કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્" એવા પૂ.શ્રી માટે બધું જ શક્ય છે એવી શ્રદ્ધાથી ચિંતામણિભાઇ માલોદ પહોંચી ગયા.
દાદુમિંયાને ત્યાં લોકોની ભારે ભીડ.

કર્મે જ થાયે અધિકાર તારો, ના ફળ વિશે અધિકાર કાંઇ.

ડોસા હવે ઘડી-બે ઘડીના મહેમાન હતાં.
ચિંતામણિભાઇએ કહ્યું કે મને દાદુમિંયા પાસે જવા દો.
હું નારેશ્વરથી પ્રસાદ લાવ્યો છું.
એમનો દીકરો બોલ્યો: "કાકા! હવે પ્રસાદનો કોઇ અર્થ નથી. નાડી પણ બંધ થઇ ગઇ છે."
ચિંતામણિભાઇએ જોયું કે બધાં જ રડતાં હતાં.
તો પણ ચિંતામણિભાઇ હિંમત હાર્યા નહિ.
દાદુમિંયાના ખાટલા પાસે ગયા.
બધાને કહ્યું કે કોઇ રડશો નહિ.
ખાટલા પાસે જઇ દાદુમિંયાના કાનમાં બૂમ પાડી કહ્યું: "ભગત! ઓ ભગત! નારેશ્વરથી પ્રસાદ લાવ્યો છું. ખાસ તમારા માટે અવધૂતજીએ મોકલ્યો છે. તમારે જ બધો પ્રસાદ ખાવાનો છે. બીજા કોઇને આપવાનો નથી."
દાદુમિંયાનું શરીર હાલ્યું.
એમણે આંખ ખોલી.
પછી મોં ખોલ્યું.
ચિંતામણિભાઇ મોંમાં લાડવાનો ભૂકો મૂકતા જાય અને દાદુમિંયા ખાતા જાય.
લોકો તો જોઇ જ રહ્યા.

કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન

ધીમે ધીમે પૂ.શ્રીની વાતો કરતાં કરતાં ચિંતામણિભાઈએ ત્રણે લાડવા ખવરાવી દીધાં અને દાદુમિંયા ખાઈ પણ ગયા.

ધીમે ધીમે દાદુમિંયાની તબિયત સુધરવા લાગી.

હરતાં ફરતાં થયાં.

એકદમ સારા થયા એટલે નારેશ્વર ગયાં.

પૂ.શ્રીનાં ચરણમાં શ્રીફળ મૂકીને પ્રણામ કર્યા ત્યાં જ આંખમાંથી બોર બોર જેવા આંસુ પડવા લાગ્યાં.

બાપજી બોલ્યાં: "અરે દાદુમિંયા! જન્નતથી પાછા ફર્યા છો. હવે રડો છો કેમ?"

અવધૂતજી ચિંતા હરે ચિંતામણિ નિમિત્ત,
જાતપાતની ચીડ ના નિર્મળ-નિષ્કલ ચિત્ત.

•

## (૨૩)

# ખુમારીભરી વિચારધારા

રંગદાદાની વિચારવાની ઢબ જ અલૌકિક.

સદ્‌ગુણોના આચરણથી પોતાની તાકાત, આંતરિક શક્તિ વધારવાનો પ્રયત્ન કરે.

કોઈને પ્રભાવિત કરવાની ઈચ્છા નહિ.

કોઈની મહેરબાનીથી પોતાનું મહત્ત્વ વધારવાની ઈચ્છા નહિ.

ઊંચું ધ્યેય રાખવું અને એ સિદ્ધ કરવા સ્વેચ્છાએ કષ્ટ ઊઠાવવું એવી એમની વિચારધારા.

એમની તપની વ્યાખ્યા પણ એ જ.

સરખેજના એક રંગભક્ત.

શ્રી જગન્નાથભાઈ ત્રિવેદી એમનું નામ.

પૂ.શ્રીના નજીકના કહી શકાય એવા ભક્ત.

એક વાર એમણે બાપજીને કહ્યું: "બાપજી! જગદ્‌ગુરુ શંકરાચાર્યને નારેશ્વર આવવાની ઈચ્છા છે."

પૂજ્યશ્રીએ કહ્યું: "ભલે આવતા. એમનું સ્વાગત થશે."

પરંતુ જગન્નાથભાઈએ કહ્યું: "બાપજી! એમને આમંત્રણ આપીએ તો આવે ને!"

કૌશલ્ય કર્મે બસ જાણ યોગ.

બાપજીએ તરત જ કહ્યું કે તો તારે આમંત્રણ આપી દેવાનું. નારેશ્વર કંઇ મારું એકલાનું થોડું છે? નારેશ્વર તો તારું પણ છે જ ને?

જગન્નાથભાઇએ જગદ્‌ગુરુ શંકરાચાર્યને વ્યવસ્થિત આમંત્રણ આપ્યું.

નારેશ્વરમાં શંકરાચાર્યજી પધાર્યા.

ભવ્ય સ્વાગત થયું.

જગદ્‌ગુરુ શંકરાચાર્યની પાટ પૂ.શ્રીની પાટ કરતાં થોડી ઊંચી રાખવામાં આવી.

પૂ.શ્રીની સૂચના હતી.

જગદ્‌ગુરુ શંકરાચાર્યનો પૂરેપૂરો માન-મરતબો જળવાયો.

ઘણાને સવાલ એ થયો કે બાપજીએ કેમ આમંત્રણ ન આપ્યું?

પૂ.શ્રીની ખુમારીભરી વિચારધારા એવી કે સામેથી કોઇને આમંત્રણ ન આપવું.

આમંત્રણ કોણ આપે?

જેણે પોતાનો વૈભવ બતાવી કોઇને પ્રભાવિત કરવા હોય તે આમંત્રણ આપે અથવા અમુક વ્યક્તિના આવવાથી પોતાના સ્થાનનું મહત્ત્વ વધે એવું માનનાર આમંત્રણ આપે.

ભગવાન કૃષ્ણ એટલે ધર્મનું મૂર્તિમંત સ્વરૂપ.

કોઈના આવવાથી પોતાના સ્થાનનું મહત્ત્વ વધારવાની પામરતા પૂ.શ્રીને ગમે નહિ.
આંતરિક હીરથી જ જીવન જીવવાની એમની તમન્ના.
સામાન્ય રીતે ચીલાચાલુ રસ્તો છોડીને નવો અલૌકિક અને બેનમૂન રસ્તો સર્જવાની અવૂતજીની ખુમારીભરી વિચારધારાને લાખલાખ વંદન હો!

•

## (૨૪)

## અહીં ભિખારી સિવાય બીજું કોણ આવે છે?

નારેશ્વરની સ્મશાનભૂમિ.
પૂ.શ્રીએ તપશ્ચર્યા દ્વારા એને તીર્થભૂમિ બનાવી.
પૂ.શ્રીએ સદાચરણ દ્વારા નારેશ્વરના વનને નંદનવન બનાવ્યું.
પૂ.શ્રીની ખ્યાતિ ફેલાવા માંડી.
અનેક લોકો દર્શને આવવા લાગ્યા.
મોટા ભાગના અર્થાર્થી અને આર્ત ભકતો.
અર્થાર્થી એટલે પૈસાની ઈચ્છાથી આવનારા.

અર્જુન એટલે કર્મનું મૂર્તિમંત સ્વરૂપ.

પોતાને દુન્યવી સુખ મળે એવી કામનાથી આવનારા ભક્તો.

આર્ત એટલે દુ:ખી.

સંતાનનું દુ:ખ, દીકરીના લગ્ન ન થતા હોય તેનું દુ:ખ, તબિયતનું દુ:ખ, ગરીબીનું દુ:ખ એવા દુ:ખથી દુ:ખી થયેલા ભક્તો એટલે આર્તભક્તો.

ભક્તો પૂ.શ્રી સમક્ષ પોતાના પ્રશ્નો રજૂ કરે.

એ પ્રશ્નોનો ઉકેલ માગે.

પૂ.શ્રી બધાની દુ:ખની વાતો સાંભળે.

એમના મનને શાંતિ મળે એ રીતે જવાબ આપે.

પોતાની દિવ્ય શક્તિનો ઉપયોગ કરી બનતું બધું કરી છૂટે.

સામી વ્યક્તિનો ભાવ,શ્રદ્ધા કેવાં છે એ મહત્ત્વની વાત.

આ બધા ભક્તો દર્શન કરીને આશ્રમની બહાર નીકળે.

દુ:ખ લઈને ગયા હોય અને સુખ લઈને પાછા ફરતાં હોય.

આવા ભક્તો બહાર આવે એટલે કેટલાક ભિખારી એમની પાસે ભીખ માગે.

“ભાઈ! આ ગરીબને કંઈ આપતા જજો” એવી બૂમ લગાવે.

**પ્રત્યેક કર્મને યજ્ઞકર્મ બનાવવા પુરુષાર્થ કરવો.**

ભક્તોને કદાચ થોડી હેરાનગતિ પણ થતી હશે.
એ જોઇને પૂ.શ્રીના નજીકના એક ભક્તને દુ:ખ થયું.
આ સ્થિતિની ફરિયાદ કરતાં મુ. ભાલભાઇ (હાલના પૂ. બાલ અવધૂતજી)એ રંગ બાપજીને ફરિયાદ કરી.
એમણે કહ્યું: "બાપજી! આપણા નારેશ્વરમાં આવા ભિખારીવેડા શોભતા નથી. નારેશ્વરમાં આવા ભિખારી ન હોવા જોઇએ."
ફરિયાદ કરનારના મનમાં કદાચ એવું હશે કે પૂ.શ્રી આ વાતને સ્વીકારશે અને સંમત થશે.
પરંતુ આ તો અવધૂત! ન ઉકેલી શકાય એવો કોયડો.
એ શું જવાબ આપશે એની તો કલ્પના જ ન થઇ શકે.
પૂ.શ્રીએ કહ્યું: "નારેશ્વરમાં ભિખારી સિવાય બીજું કોણ આવે છે? મારી પાસે પણ બધા માગવા જ આવે છે ને! તમારી પાસે બે પૈસા માગ્યા તેની તમો ફરિયાદ કરો છો. હું તો ફરિયાદ કરતો જ નથી."
મુ. ભાલભાઇને નવી દૃષ્ટિ મળી.
મહાનતા ફરિયાદ નહિ કરવામાં અને સામી વ્યક્તિની નબળાઇ, મર્યાદા સ્વીકારવામાં છે.
પૂ.શ્રીનું ચિંતન અલૌકિક, રજૂઆત અદ્‌ભુત અને વાત સામેનાના ગળે ઉતારવાની કલા અજબ-ગજબની.

●

**મનુષ્ય જે ભાવથી ભક્તિ કરે તેવું જ ફળ મેળવે છે.**

# (૨૫)

## વ્યવહારદક્ષ અવધૂતજી

પૂ.શ્રી અવધૂતજી એટલે વૈરાગ્યના બેતાજ બાદશાહ. સંસારમાં લેપાયા નહિ પરંતુ સંસારીજનો સાથેનો એમનો વ્યવહાર ધ્યાન ખેંચે એવો.

વ્યવહારદક્ષતા એવી કે સંસારીને પણ શીખવાનું મળે. સંસાર માંડ્યો નહિ એનો અર્થ એવો નહિ કે પ્રસંગ આવ્યે સંસારના વ્યવહારને અનુરૂપ નહિ વર્તવાનું.

રાજપીપળા તે સમયે નાંદોદ નામે ઓળખાતું.

એ નાંદોદ ગામમાં નંદલાલભાઈ નામના રંગભક્ત રહે. રંગચરણમાં અનન્ય શરણભાવ.

આ નંદલાલભાઈ પાઠક મૂળ દિવેરના.

દિવેર ગામ નારેશ્વર નજીક આવેલું એટલે નંદલાલભાઈને પૂ.શ્રીનો સત્સંગનો લાભ ખૂબ વહેલો મળ્યો.

અવધૂતની પહેલી બટાલીયનના અદના સૈનિક.

ઈ.સ. ૧૯૫૮ની સાલ.

એટલે સંવત ૨૦૧૪નો વૈશાખ માસ.

આ વૈશાખ મહિનામાં નંદલાલભાઈને ત્યાં ત્રણ શુભપ્રસંગો.

સારું કરનારની કદી પણ દુર્ગતિ થતી નથી.

વૈશાખ સુદ બીજે નાના પુત્ર નવીનનું યજ્ઞોપવીત, અખાત્રીજે દીકરી ભાનુમતીના લગ્ન અને વૈશાખ સુદ આઠમે મોટા પુત્ર દત્તુનું લગ્ન.

ભાનુમતીના લગ્ન પાછળનો દોરીસંચાર પણ અવધૂતનો જ.

નંદલાલભાઇ એટલે ઘરના માણસ, અંગત માણસ, અનન્ય નિષ્ઠાવાળા માણસ.

એમણે પૂ.શ્રીને આમંત્રણ આપ્યું અને પૂ.બાપજીએ સહર્ષ સ્વીકાર્યું પણ ખરું.

અવધૂતજી વૈશાખ સુદ બીજે પધાર્યા અને નવીનના કાનમાં ગાયત્રીમંત્ર ફૂંક્યો.

અવધૂતજીનો મુકામ નાંદોદ ગામની બહાર અવધૂત નિવાસમાં.

અખાત્રીજે ભાનુમતીબેનનું લગ્ન.

અવધૂત નિવાસથી પૂ.શ્રીની શોભાયાત્રા નીકળી.

આ દિવ્ય શોભાયાત્રા નંદલાલભાઇના ઘરની ખડકીએ આવી પહોંચી.

પરંતુ એ જ સમયે બીજી બાજુથી ભવ્ય વરયાત્રા (વરઘોડો) આવી પહોંચી.

એક તરફ 'દિગંબરા'ની ધૂનની રમઝટ તો બીજી બાજુ લગ્નગીતોની રમઝટ.
ધર્મ અને વ્યવહારનો સંગમ.
આ સંગમને જોતાં આનંદ થયો પણ એક પ્રશ્ન પણ થયો, નંદલાલભાઈને મૂંઝવણ થઈ.
પહેલું સ્વાગત કોનું કરવું?
મનના માનેલા માણીગરનું કે પછી જેને પોતાનો દિલનો ટૂકડો સોંપવાનો છે તે વરરાજાનું?
પહેલા વ્યવહાર કે પરમાર્થ?
પહેલા કોને પોંકવા?
અંતર્યામી અવધૂત તો મૂંઝવણ સમજી ગયા.
વળી આ તો વ્યવહારદક્ષ અવધૂત.
સંસારની વ્યવહારદક્ષતામાંથી પોતે તો પાર ઉતરે જ પણ પોતાના ભકતને પણ હેમખેમ પાર ઉતારે.
પૂ.શ્રીએ પોતાના ભકત સુમનભાઈ પુરોહિત (ભજન ભાસ્કર) દ્વારા સંદેશો મોકલ્યો.
એ કેવળ સંદેશો ન હતો.
એ અવધૂતનો આદેશ હતો.
પૂ.શ્રીએ કહ્યું: "નંદલાલને જઈને કહો કે પહેલા વરરાજાનું સ્વાગત કરે. આજના દિવસે તમારા માટે

એમનું જ મહત્ત્વ વધારે હોય. આજે તો વરરાજા એ જ રાજા. હું તો ક્યાં જવાનો છું? વળી હું પણ દીકરીનો બાપ છું! આજે મારું પહેલું સ્વાગત ન હોય.”

સાચો સંત સંવાદિતા સંવારે.

એ પ્રશ્ન ઉકેલે.

એ પ્રશ્ન ઊભા ન કરે.

અને એવું જે કરી શકે, જે વ્યવહારદક્ષતા બતાવી શકે, બજાવી શકે તે જ દેવપુરુષ કહેવાય.

આપણને બહુ મોટી શિખામણ છે.

માન માગવાનું ના હોય, માન આપવાનું હોય.

અમાની માનદો માન્ય: । એ વિષ્ણુસહસ્રનામના શ્લોકનું જીવંત આચરણ.

**માગ્યા વગર મોટાઈ મળે** એની ચાવી અવધૂતે બતાવી છે.

વાણી, વર્તન, વાક્યે સમતા,
નિરહંકૃતિ, ના જેને મમતા,
વણ માગ્યે **રંગ** મળે પ્રભુતા,
એના સુખને ક્યાંય વિરામ નથી.

•

(અનુસંધાન પેજ ૪)

(૪) તેજસ્વી નાવધિતમસ્તુ (નૌ અધિતમસ્તુ) :-

આપણા ઉભય(બંને)નું ભણતર તેજસ્વી હો.

આમાંથી એક-બીજામાં પરસ્પર દેવત્વની ભાવના પ્રગટે, એક-બીજા માટે આદર ને સહાનુભૂતિની જ્યોત જાગે, અને તો જ મનુષ્યમાં સાચી માનવતા જાગે. મનુષ્ય મનુષ્ય માટે મરી પડે ને અંગત સ્વાર્થ બાજુએ મૂકી પરમાર્થનાં પગલાં માંડે સ્વ ભૂલી સર્વમાં સમાઈ જાય અને વિશ્વમાં શાંતિ અને સમૃદ્ધિનું સામ્રાજ્ય પથરાઈ જાય.

(૫) મા વિદ્વિષાવહૈ :-

આપણે કદીયે એકબીજાનો દ્વેષ ન કરીએ.

'હું' માં 'તું' અને 'તું' માં 'હું' નિહાળી સર્વત્ર હું-તું, મારું-તારુંથી પર એક અવિનાશી અખંડ પરમતત્ત્વનાં દર્શન કરી, બધે એક અભંગ, આધ્યાત્મિક એકતા અનુભવી જગતમાંથી વેરઝેર, દુઃખ દારિદ્રય, યુદ્ધ-અથડામણને દેશવટો આપી સુખ, શાંતિ ને આનંદે આનંદના મંડાણ કરીએ.

રંગ અવધૂત

(અમર આદેશમાંથી)

[ નૌ એ अस्मद् 'હું' સર્વનામનું બીજી વિભક્તિ દ્વિવચનનું आवाम्નું ટૂંકુ રૂપ છે.) ]

| | | |
|---|---|---|
| अहम् | आवाम् | वयम् । |
| माम्-मा | आवाम्-नौ | अस्मान्-नः । |

•

# વૈદિક પંચશીલ

ૐ સહ નાવવતુ સહ નૌ ભુનક્તુ સહ વીર્યં કરવાવહૈ ।
તેજસ્વી નાવધિતમસ્તુ મા વિદ્વિષાવહૈ ॥
ૐ શાંતિઃ ! શાંતિઃ !! શાંતિઃ !!!

(૧) સહ નાવવતુ (સહ નૌ અવતુ) :-

એ પરમ પિતા પરમેશ્વર આપણા(ગુરુ અને શિષ્ય)-ઉભયનું રક્ષણ કરે.

એક સંરક્ષિત અને બીજો ઉપેક્ષિત રહે તો કાળે કરી બંનેનો નાશ થાય.

(૨) સહ નૌ ભુનક્તુ :-

આપણે બંને ઐશ્વર્યને વરીએ ને વિવિધ સુખોપભોગ ભોગવીએ.

એક સુખ સગવડોમાં આળોટે અને ચાંદીની થાળીમાં રોજ મિષ્ટાન્ન આરોગે અને બીજો દુઃખમાં પાસાં ઘસ્યાં કરે ને માંડ કોદરોયે ન પામે તો એક અપચન અને બીજો બુભુક્ષા (ભૂખ)નો ભક્ષ્ય બની બન્નેય વિનાશને પંથે પરવરે.

(૩) સહ વીર્યમ્ કરવાવહૈ :-

આપણે બંને શક્તિમાન બનીએ, બન્ને બળની ઉપાસના કરીએ, સાત્ત્વિક તાકાત મેળવીએ.

એક સબળો ને બીજો નબળો હોય તો સમાજમાં હંમેશા શીતયુદ્ધ (Cold War)કે ઉષ્ણયુદ્ધ (Hot War)નું વાતાવરણ રહ્યા કરે ને એની ગુપ્ત-પ્રગટ જ્વાલામાં વિશ્વસમસ્ત શેકાઇ જાય.

(અનુસંધાન પેજ ૩)